સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 05

[ 24/01/21 to 30/01/21 ]

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)


## નવી બેચ શરૂ



**PSI / ASI**
11/02/2021
સાંજે 6:30 to 8:30

**CONSTABLE**
09/02/2021
બપોરે 1:00 to 3:00

offline રાજકોટ

93757-01110 / 93280-01110

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline

**24 JAN-2021**


- દિવસ મહિમા : 24 જાન્યુઆરી, (1) વિશ્વ શિક્ષણ દિવસ (2) રાષ્ટ્રીય બાલિકા દિવસ ..... 02
- મોઢેરા સૂર્યમંદિર ખાતે ઉત્તરાર્ધ મહોત્સવ 2021 યોજાયો..... 03
- કવિ શ્રી રાજેશ વ્યાસને કવિશ્વર દલપતરામ સ્મૃતિ એવોર્ડ એનાયત..... 04
- QUESTION ANSWERS ..... 05


**25 JAN-2021**


- દિવસ મહિમા : 25 જાન્યુઆરી, રાષ્ટ્રીય મતદાર દિન (National Voter's Day)..... 06
- ભારતીય સશસ્ત્ર દળો સંયુક્ત લશ્કરી કવાયત 'અભ્યાસ કવચ' હાથ ધરશે..... 06
- DRDOએ ભારતીય હોકની મદદથી સ્માર્ટ એન્ટિ-એરફિલ્ડ વેપન (SAAW)નું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું..... 07
- કેન્દ્રીય ચૂંટણીપંચ દ્વારા ડિજિટલ વોટર આઈડી કાર્ડ લોન્ચ કરવામાં આવ્યું..... 08
- QUESTION ANSWERS..... 11


**26 JAN-2021**


- દિવસ મહિમા : 26 જાન્યુઆરી, (1) રાષ્ટ્રીય પ્રજાસત્તાક દિન (2) વિશ્વ કસ્ટમ દિવસ..... 12
- પદ્મ પુરસ્કાર 2021..... 19
- QUESTION ANSWERS..... 23


**27 JAN-2021**


- ગ્લોબલ ક્લાયમેટ રિસ્ક ઈન્ડેક્સ 2021માં ભારત સાતમા ક્રમાંકે રહ્યું..... 25
- BSF દ્વારા 'ઓપરેશન સર્દ હવા' રાજસ્થાનની પશ્ચિમ સરહદ પર શરૂ કરવામાં આવ્યું..... 26
- પરમાણુશસ્ત્રોના પ્રતિબંધ અંગેની સંધિ ..... 26
- QUESTION ANSWERS ..... 28


**28 JAN-2021**


- દિવસ મહિમા : 28 જાન્યુઆરી, ડેટા ગોપનીયતા દિવસ (Data Privacy Day)..... 29
- DRDOએ આકાશ-NG મિસાઈલનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું..... 29
- કેન્દ્ર સરકાર દ્વારા જૂના વાહનો પર 'ગ્રીન ટેક્સ' વસૂલવામાં આવશે..... 30
- સુભાષચંદ્ર બોઝ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એવોર્ડ 2021..... 32
- QUESTION ANSWERS..... 33


**29 JAN-2021**


- કરપ્શન પર્સેપ્શન ઈન્ડેક્સ, 2020માં ભારત 86મા ક્રમાંકે..... 35
- 'ઉદ્યોગ સહાયક એન્ટરપ્રાઈઝિસ નેટવર્ક' પર ડ્રાફ્ટ નીતિ..... 36
- મહારાષ્ટ્ર રાજ્ય દ્વારા ''જેલ ટૂરિઝમ' શરૂ કરવામાં આવ્યું..... 37
- સુંદરવન બાયોસ્ફિયર રિઝર્વમાં વિવિધ 428 પક્ષીઓની પ્રજાતિઓનો વસવાટ..... 37
- QUESTION ANSWERS..... 39


**30 JAN-2021**


- દિવસ મહિમા : 30 જાન્યુઆરી, (1) શહીદ દિન (મહાત્મા ગાંધી પુણ્યતિથિ) (2) રાષ્ટ્રીય કુષ્ઠરોગ નિવારણ દિન..... 40
- ભારતીય સશસ્ત્ર દળોએ આંદમાન અને નિકોબાર ખાતે 'AMPHEX-21' નામની ત્રિપક્ષીય કવાયત હાથ ધરી..... 40
- સ્પેસએક્સએ ફાલ્કન 9 રોકેટની મદદથી રેકોર્ડ 143 સેટેલાઈટ લોન્ચ કર્યા..... 41
- QUESTION ANSWERS ..... 42

ONE LINER ..... 43

QUESTION OF THIS WEEK ..... 49



ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

# દિવસ મહિમા : 24 જાન્યુઆરી, (1) વિશ્વ શિક્ષણ દિવસ (2) રાષ્ટ્રીય બાલિકા દિવસ

## વિશ્વ શિક્ષણ દિવસ

સમગ્ર વિશ્વમાં 24 જાન્યુઆરીના રોજ 'વિશ્વ શિક્ષણ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો પ્રારંભ વર્ષ 2019થી થયો છે.
- આ અંતર્ગત 24 જાન્યુઆરી, 2019ના રોજ 'પ્રથમ વિશ્વ શિક્ષણ દિવસ' અથવા તો 'પ્રથમ આંતરરાષ્ટ્રીય શિક્ષણ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.
- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 3 ડિસેમ્બર, 2018ના રોજ આ દિવસની ઉજવણીનો પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો.
- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ વિશ્વ શાંતિ તથા વિશ્વના વિકાસમાં શિક્ષણની ભૂમિકાને ઉજાગર કરવાનો છે.
- 'વિશ્વ શિક્ષણ દિવસ 2021'ની થીમ 'Recover and Revitalize Education for the COVID-19 Generation' છે.



ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**ICE FACT :**

'વિશ્વ શિક્ષણ દિવસ' 24 જાન્યુઆરીના રોજ ઉજવવામાં આવે છે, જ્યારે ભારતમાં 'રાષ્ટ્રીય શિક્ષણ દિવસ' 11 નવેમ્બરના રોજ ઉજવાય છે.

## રાષ્ટ્રીય બાલિકા દિવસ (National Girl Child Day)




ભારતમાં દર વર્ષે 24 જાન્યુઆરીના રોજ 'રાષ્ટ્રીય બાલિકા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- ભારતમાં છોકરીઓ પ્રત્યેના ભેદભાવ દૂર કરવા માટે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- ભારતમાં નારીશકિતના પ્રતીક એવા શ્રીમતી ઈન્દિરા ગાંધી સૌપ્રથમ 24 જાન્યુઆરીના રોજ ભારતના વડાપ્રધાન બન્યા હતા. આથી 24 જાન્યુઆરીના રોજ 'રાષ્ટ્રીય બાલિકા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- રાષ્ટ્રીય બાલિકા દિવસની ઉજવણીની શરૂઆત વર્ષ 2008માં કેન્દ્ર સરકાર અને મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા કરવામાં આવી હતી.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- આ અગાઉ વર્ષ 2020ની 'રાષ્ટ્રીય બાલિકા દિવસ'ની થીમ 'Save the Girl Child' હતી.

**ICE FACTS :**

(1) ભારતમાં દર વર્ષે 24 જાન્યુઆરીના રોજ 'રાષ્ટ્રીય બાલિકા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે. જ્યારે 'વિશ્વ બાલિકા દિવસ' 11 ઓક્ટોબરના રોજ ઉજવાય છે.

(2) વર્ષ 2021માં રાષ્ટ્રીય બાલિકા દિવસ સપ્તાહની ઉજવણી 21 જાન્યુઆરીથી 26 જાન્યુઆરી સુધી કરવામાં આવી રહી છે.

## મોઢેરા સૂર્યમંદિર ખાતે ઉત્તરાર્ધ મહોત્સવ 2021 યોજાયો

સુપ્રસિદ્ધ સૂર્યમંદિર મોઢેરા ખાતે એક દિવસીય ઉત્તરાર્ધ મહોત્સવનો મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગાંધીનગરથી ઈ-પ્રારંભ કરાવ્યો હતો.

- ઉત્તરાર્ધ ઉત્સવમાં મણિપુરી નૃત્ય, ઓડિશી નૃત્ય, કેરલ રાજ્યનું સુપ્રસિદ્ધ શાસ્ત્રીય નૃત્ય કથકલી અને દક્ષિણ ભારતના તમિલનાડુનું ભરતનાટ્યમ વિવિધ નામાંકિત કલાકારો દ્વારા રજૂ કરાયું હતું.
- કોરોનાને લીધે આ વખતે કોઈ પ્રેક્ષકોને મહોત્સવમાં હાજર રહેવાની મંજૂરી આપવામાં આવી ન હતી.
- ઉત્તરાર્ધ મહોત્સવએ સૂર્યની પૂજા સાથે સંકળાયેલો ઉત્સવ છે.
- સૂર્યના મકર રાશિમાં પ્રવેશ બાદ એટલે કે ઉત્તરાયણ બાદ સામાન્ય રીતે જાન્યુઆરી મહિનાના ત્રીજા સપ્તાહના અંતમાં દર વર્ષે ગુજરાતમાં આ ઉત્સવ યોજાય છે.

**ICE FACTS :**

(1) સૂર્યમંદિર માટે પ્રસિદ્ધ મોઢેરા ગુજરાતના મહેસાણા જિલ્લાના બહુચરાજી તાલુકામાં આવેલું છે.

(2) ભારતમાં ગુજરાતના મોઢેરાના સૂર્યમંદિર ઉપરાંત ઓડિશાના કોણાર્કનું સૂર્યમંદિર અને કાશ્મીરના અનંતનાગ જિલ્લામાં આવેલું માર્તંડ સૂર્યમંદિર પ્રસિદ્ધ છે.



INSTITUTE FOR COMPETITIVE EXAMS

## કવિ શ્રી રાજેશ વ્યાસને કવિશ્વર દલપતરામ સ્મૃતિ એવોર્ડ એનાયત

સુરેન્દ્રનગરના વઢવાણના પનોતા પુત્ર કવિ શ્રી દલપતરામની સ્મૃતિમાં વર્ધમાન વિકાસ સેવા ટ્રસ્ટ દ્વારા દર વર્ષે કવિશ્વર દલપતરામ સ્મૃતિ એવોર્ડ આપવામાં આવે છે.

- વર્ષ 2021 માટે જાણીતા ગઝલકાર અને કવિ શ્રી રાજેશ વ્યાસ મિસ્કિનને આ એવોર્ડ એનાયત કરવામાં આવશે.

### રાજેશ વ્યાસ વિશે

શ્રી રાજેશ વ્યાસ ગુજરાતી ગઝલકાર તથા પ્રસિદ્ધ કવિ છે.

- તેઓ 'મિસ્કીન' ઉપનામથી વધુ જાણીતા છે. તેમના ઉપનામ મિસ્કીનનો અર્થ ગરીબ માણસ થાય છે.
- શ્રી રાજેશ વ્યાસનો જન્મ 16 ઓક્ટોબર, 1955ના રોજ અમદાવાદ ખાતે થયો હતો.
- તેઓનું પૂરું નામ 'રાજેશ જટાશંકર વ્યાસ' છે.
- તેઓને શૂન્ય પાલનપુરી એવોર્ડ, કવિ કલાપી એવોર્ડ, મહર્ષિ અરવિંદ એવોર્ડ, ગુજરાત સાહિત્ય અકાદમીનો એવોર્ડ અને વલી ગુજરાતી પુરસ્કાર સહિત અનેક પુરસ્કાર એનાયત થયા છે.

### કવિશ્વર દલપતરામ એવોર્ડ વિશે

કવિશ્વર દલપતરામ એવોર્ડએ વર્ધમાન વિકાસ સેવા ટ્રસ્ટ, વઢવાણ દ્વારા આપવામાં આવતું સાહિત્યિક સન્માન છે.

- ગુજરાતી કવિતામાં નોંધપાત્ર યોગદાન બદલ વર્ષ 2010થી દર વર્ષે આ પુરસ્કાર આપવામાં આવે છે.
- વર્ધમાન વિકાસ ટ્રસ્ટ દ્વારા સ્થાપિત આ એવોર્ડનું નામ ગુજરાતી ભાષાના જાણીતા કવિ શ્રી દલપતરામના નામ પરથી રાખવામાં આવ્યું છે.
- આ પુરસ્કારમાં એક શાલ, શિલ્ડ અને પચ્ચીસ હજાર રૂપિયા રોકડા પુરસ્કાર સ્વરૂપે આપવામાં આવે છે.

**ICE FACTS :**

(1) વર્ષ 2010માં સૌપ્રથમ કવિશ્વર દલપતરામ એવોર્ડ શ્રી નલિન રાવળને આપવામાં આવ્યો હતો.

(2) વર્ષ 2020માં આ એવોર્ડ શ્રી એસ. એસ. રાહીને આપવામાં આવ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## SUNDAY Questions

1. 'વિશ્વ શિક્ષણ દિવસ' અથવા તો 'આંતરરાષ્ટ્રીય શિક્ષણ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 22 જાન્યુઆરી (B) 23 જાન્યુઆરી (C) 24 જાન્યુઆરી (D) 25 જાન્યુઆરી **(C)**

2. ભારતમાં 'રાષ્ટ્રીય શિક્ષણ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 11 જાન્યુઆરી (B) 11 જુલાઈ (C) 11 નવેમ્બર (D) 11 ડિસેમ્બર **(C)**

3. ભારતમાં 'રાષ્ટ્રીય બાલિકા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 24 જાન્યુઆરી (B) 11 ઓક્ટોબર (C) 11 નવેમ્બર (D) 11 ડિસેમ્બર **(A)**

4. વિશ્વ બાલિકા દિવસ (World Girl Child Day) તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 24 જાન્યુઆરી (B) 11 ઓક્ટોબર (C) 11 નવેમ્બર (D) 11 ડિસેમ્બર **(B)**

5. ગુજરાતના કયા સ્થળે તાજેતરમાં ઉત્તરાર્ધ મહોત્સવનું આયોજન થયું હતું ?
(A) વડનગર (B) રાણકી વાવ (C) પાવાગઢ (D) મોઢેરા **(D)**

6. સૂર્યના કઈ રાશિમાં પ્રવેશ બાદ ગુજરાતના મોઢેરા ખાતે દર વર્ષે ઉત્તરાર્ધ મહોત્સવ યોજાય છે ?
(A) કર્ક (B) મેશ (C) મકર (D) વૃષભ **(C)**

7. સૂર્યમંદિર માટે પ્રસિદ્ધ મોઢેરા મહેસાણા જિલ્લાના કયા તાલુકામાં આવેલું છે ?
(A) વિસનગર (B) બહુચરાજી (C) કડી (D) ઊંઝા **(B)**

8. કયા કવિને વર્ષ 2021 માટેનો કવિ શ્રી દલપતરામ સ્મૃતિ એવોર્ડ એનાયત કરવામાં આવશે ?
(A) શ્રી રાજેશ વ્યાસ (B) શ્રી રમેશ આચાર્ય
(C) શ્રી વિનોદ જોશી (D) શ્રી હરિકૃષ્ણ પાઠક **(A)**

9. શ્રી રાજેશ વ્યાસ કયા ઉપનામે જાણીતા છે ?
(A) ઈવા ડેવ (B) શલ્ય (C) મિસ્કીન (D) શબ્દપ્રીત **(C)**

10. વર્ષ 2020નો કવિશ્વર દલપતરામ એવોર્ડ કોને એનાયત કરવામાં આવ્યો હતો ?
(A) શ્રી એસ. એસ. રાહી (B) શ્રી હર્ષદ ત્રિવેદી
(C) શ્રી ભાનુપ્રસાદ પંડયા (D) શ્રી નયન દેસાઈ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 25 જાન્યુઆરી, રાષ્ટ્રીય મતદાર દિન (National Voter's Day)

ભારતમાં યુવા મતદાતાઓને જાગૃત કરવા માટે દર વર્ષે 25 જાન્યુઆરીના રોજ 'રાષ્ટ્રીય મતદાર દિવસ' (National Voter's Day)ની ઉજવણી કરવામાં આવે છે.



- આ ઉજવણીનો પ્રારંભ 25 જાન્યુઆરી, 2011ના રોજ ભારતના મહિલા રાષ્ટ્રપતિ શ્રીમતી પ્રતિભાદેવી પાટિલે કરાવ્યો હતો.
- આથી વર્ષ 2021માં 11માં 'રાષ્ટ્રીય મતદાર દિવસ'ની ઉજવણી કરવામાં આવી રહી છે.
- આ પ્રસંગે દર વર્ષે 25 જાન્યુઆરીના રોજ ચૂંટણીપંચ દ્વારા નવા મતદારોને તેમનું ચૂંટણી કાર્ડ આપવામાં આવે છે.

### વર્ષ 2021ની રાષ્ટ્રીય મતદાર દિવસની થીમ

વર્ષ 2021ની 'રાષ્ટ્રીય મતદાર દિવસ'ની થીમ 'Making Our Voters Empowered, Vigilant, Safe and Informed' (આપણા મતદારોને સશક્ત, જાગૃત, સલામત અને માહિતગાર બનાવવા)' છે.

- ભારતના ચૂંટણી પંચના સ્થાપના દિવસ 25 જાન્યુઆરીને 'રાષ્ટ્રીય મતદાર દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતીય સશસ્ત્ર દળો સંયુક્ત લશ્કરી કવાયત 'અભ્યાસ કવચ' હાથ ધરશે

ભારતીય સેના, ભારતીય નૌકાદળ, ભારતીય વાયુસેના અને ભારતીય કોસ્ટગાર્ડ અંદમાન અને નિકોબાર કમાન્ડના નેજા હેઠળ સંયુક્ત સૈન્ય કવાયત 'અભ્યાસ કવચ' હાથ ધરશે.

- 'અભ્યાસ કવચ'નું આયોજન આગામી સપ્તાહમાં અંદમાન સમુદ્ર અને બંગાળની ખાડીમાં કરવામાં આવશે.
- ભારતના ત્રણેય સુરક્ષાદળોની સંયુક્ત યુદ્ધ ક્ષમતાઓને ધ્યાનમાં રાખી આ કવાયત હાથ ધરવામાં આવી રહી છે.
- આ કવાયતનો ઉદ્દેશ ત્રણેય દળો વચ્ચે સંકલન વિકસિત કરવાનો છે.
- ત્રણેય સેનાઓ વચ્ચે સંયુક્ત ગુપ્તચર સર્વેલન્સ અને સૈન્ય સર્વેક્ષણ કવાયત પણ હાથ ધરવામાં આવશે.

- 3 થી 5 નવેમ્બર 2020 દરમિયાન સંયુક્ત ત્રિ-સેવા કવાયત 'બુલ સ્ટ્રાઈક'નું આયોજન પણ અંદમાન અને નિકોબાર કમાન્ડ અંતર્ગત કરવામાં આવ્યું હતું.

**ICE FACT :**

1. અંદમાન અને નિકોબાર કમાન્ડ દેશનું એકમાત્ર સંયુક્ત સૈન્ય કમાન્ડ છે.

## DRDOએ ભારતીય હોકની મદદથી સ્માર્ટ એન્ટિ-એરફિલ્ડ વેપન (SAAW)નું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું



DRDOએ ઓડિશામાં હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડના હોક-Iની મદદથી સ્વદેશી રીતે વિકસિત સ્માર્ટ એન્ટી-એરફિલ્ડ વેપન (SAAW)નું સફળતાપૂર્વક પરીક્ષણ હાથ ધર્યું છે.

- સ્માર્ટ એન્ટિ–એરફિલ્ડ વેપનનું DRDO દ્વારા હાથ ધરવામાં આવેલ આ નવમું સફળ પરીક્ષણ હતું.

### સ્માર્ટ એન્ટિ-એરફિલ્ડ વેપન (SAAW) વિશે

સ્માર્ટ એન્ટિ–એરફિલ્ડ વેપનનો વિકાસ ડિફેન્સ રિસર્ચ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO) દ્વારા કરવામાં આવ્યો છે.

- SAAW એ લાંબા અંતરનું ચોકસાઈથી સંચાલિત એન્ટિ-એરફિલ્ડ શસ્ત્ર છે.
- આ હથિયાર સો કિલોમીટરની રેન્જ સુધી ચોકસાઈ સાથે જમીનના લક્ષ્યોને ટાર્ગેટ કરી શકે છે.
- મૂળભૂત રીતે, SAAW એ એક બોમ્બ છે. તેની મદદથી રડાર, બંકર્સ, ટેક્સી ટ્રેક અને રનવે જેવી એરફિલ્ડ સંપત્તિઓને ટાર્ગેટ કરી શકાય છે.
- SAAW પ્રોજેક્ટને કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ 2013માં મંજૂરી આપવામાં આવી હતી.
- વર્ષ 2020માં કેન્દ્ર સરકારે ભારતીય નૌકાદળ અને ભારતીય વાયુસેના માટે SAAW પ્રોજેક્ટને મંજૂરી આપી હતી.

## હોક એરક્રાફ્ટ વિશે

હોક એરક્રાફટએ હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL) દ્વારા વિકસાવવામાં આવેલ છે.

- તે ટેન્ડમ સીટ વ્યવસ્થા ધરાવતુ એરક્રાફ્ટ છે. ટેન્ડમ સીટ વ્યવસ્થા એટલે એકની પાછળ એક સીટ હોય તેવી વ્યવસ્થા.
- આ એરક્રાફ્ટ ઈન્ટિગ્રેટેડ અટેક સિસ્ટમ, રેડિયો અને ઈનર્શિયલ નેવિગેશન સિસ્ટમ ધરાવે છે.

**ICE FACTS :**

1. વર્ષ 2020માં પ્રકાશિત SIPRIના અહેવાલ મુજબ ભારત મોટા શસ્ત્ર નિકાસકારોની યાદીમાં 23મા ક્રમાંકે છે.
2. ડિફેન્સ ફાયરપાવર ઈન્ડકેસ, 2021માં ભારત ચોથા ક્રમાંકે રહયું છે.

# કેન્દ્રીય ચૂંટણીપંચ દ્વારા ડિજિટલ વોટર આઈડી કાર્ડ લોન્ચ કરવામાં આવ્યું

ઈલેકશન કમિશન ઓફ ઈન્ડિયા (ECI) દ્વારા રાષ્ટ્રીય મતદાર દિવસ (25 જાન્યુઆરી) નિમિત્તે ઈલેક્ટ્રોનિક ઈલેક્ટોરલ ફોટો આઈડેન્ટિટી કાર્ડ (e-EPIC) પ્રોગ્રામ શરૂ કરવામાં આવ્યો હતો.

## e-EPIC વિશે

e-EPICએ મતદાર ફોટો ઓળખ કાર્ડ (EPIC)નું ઈલેક્ટ્રોનીક સંસ્કરણ છે.

- તે એક સુરક્ષિત પોર્ટેબલ ડોક્યુમેન્ટ ફોર્મેટ (PDF) છે કારણે તેમાં એડિટીંગ કરી શકાતુ નથી.
- e-EPICમાં સીરિયલ નંબર અને પાર્ટનંબર ની સાથે ફોટો અને વસતી વિષયક સુરક્ષિત QR કોડનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- e-EPICનું આ પોર્ટેબલ વર્ઝન મોબાઈલ અથવા કોમ્પ્યુટર પર ડાઉનલોડ કરી શકાય છે.

## e-EPIC પહેલ વિશે

e-EPIC પહેલ બે તબક્કામાં શરૂ કરવામાં આવશે.

- e-EPIC પહેલ અંતર્ગત પ્રથમ તબક્કો 25 જાન્યુઆરીથી 31 જાન્યુઆરી સુધીનો છે જે દરમિયાન નવા મતદારો તેમના મોબાઈલ નંબર પ્રમાણિત કરી e-EPIC ડાઉનલોડ કરીને મતદાર આઈ.ડી. મેળવી શકશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- 1 ફેબ્રુઆરીથી બીજો તબક્કો શરૂ કરવામાં આવશે, જેમાં સામાન્ય મતદારોને મતદાર આઈડી મળશે.

## મતદાર-આઈડીના ડિજિટલાઈઝેશનનું મહત્ત્વ

આ ઈલેક્ટ્રોનિક કાર્ડની મદદથી કેન્દ્રીય ચૂંટણી પંચને હાર્ડ નકલોના છાપકામ અને વિતરણ ખર્ચ બચાવવામાં મદદ મળશે.

- મતદાનના દિવસે મતદારની કાપલી/સ્લીપને વહન કરવાની જરૂરિયાત દૂર થશે.

## કેન્દ્રીય ચૂંટણી પંચ

ચૂંટણી પંચની સ્થાપના <u>25 જાન્યુઆરી, 1950</u>ના રોજ થઈ હતી.

- ભારતીય ચૂંટણી પંચનું <u>મુખ્યમથક નવી દિલ્હી</u> ખાતે આવેલું છે.
- ભારતીય બંધારણના <u>અનુચ્છેદ-324(1)</u> અનુસાર <u>સંસદ, રાજ્ય વિધાનમંડળ, રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિના પદોની ચૂંટણીની દેખરેખ, નિર્દેશન અને નિયંત્રણ માટે ચૂંટણીપંચની સ્થાપના</u> કરવામાં આવી હતી.
- બંધારણના <u>અનુચ્છેદ-324(2)</u> મુજબ ચૂંટણીપંચમાં <u>એક મુખ્ય ચૂંટણી કમિશનર</u> તથા <u>અન્ય બે ચૂંટણી કમિશનર</u> હોય છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર

ભારતના <u>પ્રથમ મુખ્ય ચૂંટણી કમિશનર</u>નું નામ <u>શ્રી સુકુમાર સેન</u> છે.

- ભારતના <u>પ્રથમ મહિલા મુખ્ય ચૂંટણી કમિશનર</u>નું નામ <u>શ્રીમતી વી. એસ. રમાદેવી (કાર્યકારી)</u> છે.

- ભારતના વર્તમાન (25 જાન્યુઆરી, 2021ની સ્થિતિએ) મુખ્ય ચૂંટણી કમિશનર તથા અન્ય ચૂંટણી કમિશનરોના નામ આ પ્રમાણે છે :

  (1) શ્રી સુનીલ અરોરા (મુખ્ય ચૂંટણી કમિશનર)
  (2) શ્રી રાજીવ કુમાર (ચૂંટણી કમિશનર)
  (3) શ્રી સુશીલ ચંદ્રા (ચૂંટણી કમિશનર)

## ચૂંટણી કમિશનરની નિમણૂક અને રાજીનામુ

ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનરની નિમણૂક **ભારતના રાષ્ટ્રપતિ** કરે છે.

- ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનર પોતાનું **રાજીનામું રાષ્ટ્રપતિ**ને આપી શકે છે.

## ચૂંટણી કમિશનરનો કાર્યકાળ

ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનરનો **કાર્યકાળ 6 વર્ષ** અને **65 વર્ષની ઉંમર**એ **બેમાંથી જે પહેલા આવે** તે હોય છે.

## કેન્દ્રીય ચૂંટણીપંચના કાર્યો અને શક્તિઓ

1. રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, સંસદ અને રાજ્ય વિધાનમંડળની ચૂંટણીઓનું નિયંત્રણ અને નિર્દેશન કરવું.
2. ચૂંટણીની તારીખો અને કાર્યક્રમોની જાહેરાત કરવી.
3. રાજકીય પક્ષોને માન્યતા તથા ચૂંટણી નિશાન (Election Symbol)ની ફાળવણી કરવી.
4. રાજકીય પક્ષોને ચૂંટણીમાં તેમના પ્રદર્શનને આધારે રાષ્ટ્રીય અથવા રાજ્ય સ્તરના રાજકીય પક્ષ તરીકે દરજ્જો આપવો.
5. ચૂંટણીની આચાર સંહિતા તૈયાર કરવી.
6. સંસદના સભ્યોની ગેરલાયકાત સંબંધી બાબતોમાં રાષ્ટ્રપતિને તથા રાજ્ય વિધાન મંડળના સભ્યોની ગેરલાયકાત અંગે રાજ્યપાલને સલાહ આપવી.
7. રાષ્ટ્રપતિ શાસન લાગુ હોય તેવા રાજ્યમાં 1 વર્ષ પછી ચૂંટણી કરવી કે નહિ તે નક્કી કરવું.

**ICE FACTS :**

(1) કેન્દ્રીય ચૂંટણીપંચ રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, રાજ્યસભાના સભ્યો, લોકસભા અને રાજ્ય વિધાનમંડળની ચૂંટણીનું સંચાલન અને આયોજન કરે છે.

(2) જ્યારે રાજ્ય ચૂંટણીપંચ પંચાયતો અને સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીનું સંચાલન અને આયોજન કરે છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## MONDAY Questions

1. ભારતમાં 'રાષ્ટ્રીય મતદાર દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 23 જાન્યુઆરી (B) 24 જાન્યુઆરી (C) 25 જાન્યુઆરી (D) 27 જાન્યુઆરી **(C)**

2. વર્ષ 2021ના ભારતના 'રાષ્ટ્રીય મતદાર દિવસ'ની થીમ શું છે ?
(A) No Voter to be left behind
(B) Electoral literacy for stronger Democracy
(C) Vote for new India
(D) Making our Voters empowered, vigilant, safe and Informed **(D)**

3. વર્ષ 2021માં કેટલામાં 'રાષ્ટ્રીય મતદાર દિવસ'ની ઉજવણી કરવામાં આવી ?
(A) 11 (B) 10 (C) 9 (D) 13 **(A)**

4. લશ્કરી કવાયત 'અભ્યાસ કવચ'માં કયું/કયા ભારતીય લશ્કરી દળ/દળો ભાગ લેશે ?
1. ભારતીય સેના 2. ભારતીય નૌકાદળ
3. ભારતીય વાયુસેના 4. ભારતીય કોસ્ટગાર્ડ
(A) 1, 2, 4 (B) 1, 2, 3, 4 (C) 2, 3, 4 (D) 1 અને 4 **(B)**

5. ભારતનું એકમાત્ર સંયુક્ત સૈન્ય કમાન્ડ કયું છે ?
(A) અંદમાન અને નિકોબાર કમાન્ડ (B) સેન્ટ્રલ કમાન્ડ
(C) ઈસ્ટર્ન કમાન્ડ (D) નોર્થર્ન કમાન્ડ **(A)**

6. DRDOએ તાજેતરમાં કયા રાજ્યમાં હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડના હોક-Iની મદદથી સ્વદેશી રીતે વિકસિત સ્માર્ટ એન્ટી–એરફિલ્ડ વેપન (SAAW)નું સફળતાપૂર્વક પરીક્ષણ હાથ ધર્યું છે ?
(A) ઓડિશા (B) આંધ્રપ્રદેશ (C) કેરલ (D) પશ્ચિમ બંગાળ **(A)**

7. સ્માર્ટ એન્ટિ–એરફિલ્ડ વેપન (SAAW) વિશે સાચું વિધાન/વિધાનો જણાવો ?
1. SAAWનો વિકાસ DRDO દ્વારા કરવામાં આવ્યો છે.
2. તે એક લાંબા અંતરનું ચોકસાઈથી સંચાલિત એન્ટી–એરફિલ્ડ શસ્ત્ર છે.
3. તે 100 કિલોમીટરની રેન્જ સુધી ચોકસાઈ સાથે જમીનના લક્ષ્યોને ટાર્ગેટ કરી શકે છે.
4. મૂળભૂત રીતે તે એક બોમ્બ છે.
A) 1, 2, 3, 4 (B) 1, 3, 4 (C) 2, 3, 4 (D) 1, 2, 3 **(A)**

8. ભારતીય ચૂંટણી પંચ દ્વારા તાજેતરમાં ડિજિટલ વોટર આઈડી કાર્ડ ક્યારે લોન્ચ કરવામાં આવ્યું હતું ?
(A) 24 જાન્યુઆરી (B) 25 જાન્યુઆરી (C) 26 જાન્યુઆરી (D) 27 જાન્યુઆરી **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 26 જાન્યુઆરી, (1) રાષ્ટ્રીય પ્રજાસત્તાક દિન
## (2) વિશ્વ કસ્ટમ દિવસ

### 72મા પ્રજાસત્તાક દિવસની રાષ્ટ્રકક્ષાની ઉજવણી

26 જાન્યુઆરી, 2021ના રોજ સમગ્ર ભારતમાં 72મા પ્રજાસત્તાક પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી છે.

- આ પ્રસંગે ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી નવી દિલ્હીમાં રાજપથ પર રિપબ્લિક પરેડમાં સામેલ થયા હતા. તેમજ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે તિરંગો લહેરાવી સલામી આપી હતી.

### મુખ્ય અતિથિની હાજરી વગર 72મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી

55 વર્ષમાં પ્રથમ વખત એવું થયું કે રિપબ્લિક પરેડમાં કોઈ ચીફ ગેસ્ટ સામેલ થયા ન હતા.

- આ પહેલાં ભારતમાં વર્ષ 1952, 1953 અને 1966માં પણ ગણતંત્ર દિવસ પરેડમાં કોઈ ચીફ ગેસ્ટ સામેલ થયા ન હતા.
- ભારતમાં વર્ષ 2020ના 71મા પ્રજાસત્તાક પર્વના મુખ્ય અતિથિ તરીકે બ્રાઝિલના રાષ્ટ્રપતિ શ્રી જેર બોલ્સોનારો ઉપસ્થિત રહ્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ગુજરાતના 'મોઢેરાના સૂર્યમંદિર'ના ટેબ્લોનું ભારે આકર્ષણ

26 જાન્યુઆરી, 2021ના રોજ નવી દિલ્હી ખાતે 72મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી નિમિત્તે યોજાયેલી પરેડમાં ગુજરાત તરફથી 'મોઢેરાના સૂર્યમંદિર'ના ટેબ્લો સાથે 12 મહિલા કલાકારોએ ટિપ્પણી નૃત્ય પ્રસ્તુત કર્યું હતું.

### 72મા પ્રજાસત્તાકપર્વની રાજ્યકક્ષાની ઉજવણી

26 જાન્યુઆરી, 2021ના રોજ ગુજરાતમાં 72મા પ્રજાસત્તાક દિવસની રાજ્યકક્ષાની ઉજવણી ગુજરાતના દાહોદ જિલ્લામાં કરવામાં આવી હતી.

- આ પ્રસંગે ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે દાહોદની નવજીવન કોલેજના ગ્રાઉન્ડ ખાતે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં રાષ્ટ્રધ્વજ લહેરાવી તેને સલામી આપી હતી.

## 72મા પ્રજાસત્તાકપર્વની રાષ્ટ્રકક્ષાની ઉજવણીની વિશેષતા

વર્ષ 2021ના 72મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી દરમિયાન રિપબ્લિક ડે પરેડમાં **ભારતીય વાયુસેનાના રાફેલ ફાઈટર જેટે પ્રથમ વખત** ભાગ લીધો હતો.

- 72મા ગણતંત્ર દિવસની પરેડનું એક મુખ્ય આકર્ષણ **બાંગ્લાદેશની સૈનિક ટુકડી** રહી હતી. એનું નેતૃત્વ લેફ્ટનન્ટ કર્નલ મોહમ્મદ શમૂર શાબાને કર્યું હતું. બાંગ્લાદેશની સૈનિક ટુકડીએ પ્રથમ વખત આપણા ગણતંત્ર દિવસ સમારંભમાં ભાગ લીધો હતો.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ઈન્ડિયા ગેટના વોર મેમોરિયલ પર શહીદોને શ્રદ્ધાંજલિ આપવા પહોંચ્યા હતા. આ દરમિયાન તેમણે ગુજરાતના **જામનગરના રોયલ ફેમિલી દ્વારા ગિફ્ટમાં આપવામાં આવેલી પાઘડી** પહેરી હતી.

## 26 જાન્યુઆરીને પ્રજાસત્તાક દિવસ તરીકે શા માટે ઉજવવામાં આવે છે ?

આઝાદી પૂર્વે ભારત પર અંગ્રેજોનું શાસન હતું. ભારત અને પાકિસ્તાન બંને એક સાથે આઝાદ થયા હતા તેમ છતાં પાકિસ્તાન ઈ.સ. 1956 સુધી બ્રિટનના તાબા હેઠળ રહયું હતું. જ્યારે ભારત અંગ્રેજોના તાબા હેઠળ ન રહયું અને 1949માં બંધારણની રચના વખતથી જ તેણે પોતાને 'પ્રજાસત્તાક' જાહેર કરી દીધું હતું.

- જોકે આઝાદી બાદ ભારત આંતરિક રીતે સ્વતંત્ર હતું પરંતુ બાહ્યરૂપથી બ્રિટિશ રાજ્યને આધીન હતું. આથી બ્રિટનના તત્કાલિન રાજા જ્યોર્જ છઠ્ઠાના પ્રતિનિધિ તરીકે લોર્ડ માઉન્ટબેટનને સ્વતંત્ર ભારતના પ્રથમ ગવર્નર જનરલ બનાવવામાં આવ્યા હતા. આ સમયે આ ગવર્નર જનરલ જ ભારતનું પ્રતિનિધિત્વ કરતા હતા. આઝાદી બાદ ભારતના બંધારણની રચના કરવામાં આવી. ભારતીય બંધારણના આમુખમાં ભારતને 'પ્રજાસત્તાક' જાહેર કરવામાં આવ્યું. પ્રજાસત્તાક એટલે 'લોકો દ્વારા અને લોકો માટેનું શાસન'. ભારતનું આમુખ સ્પષ્ટ શબ્દોમાં જાહેર કરે છે કે બંધારણ હેઠળ તમામ અધિકૃતતાનો સ્ત્રોત ભારતના લોકો જ છે. અને ભારત પર કોઈ બાહ્ય અધિકૃતતાને અવકાશ નથી.
- 26 જાન્યુઆરી, 1950ના રોજ ભારતનું બંધારણ અમલમાં આવ્યું અને આ સાથે જ બ્રિટનના રાજા કે સમ્રાટની ભારત પરની કાનૂની કે બંધારણીય અધિકૃતતા સમાપ્ત થઈ ગઈ. ભારત આંતરિક તેમજ બાહ્ય એમ બંને રીતે સ્વતંત્ર થઈ ગયું. ભારતમાં ગવર્નર જનરલના પદનો અંત આવ્યો અને ડો. રાજેન્દ્ર પ્રસાદ ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ બન્યા અને ભારત કાનૂની દૃષ્ટિએ સાચા અર્થમાં 'પ્રજાસત્તાક' રાષ્ટ્ર બન્યું.
- આથી જ દર વર્ષે 26 જાન્યુઆરીનો દિવસ ભારતમાં 'પ્રજાસત્તાક દિન' તરીકે ઉજવાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**ICE FACTS :**

(1) **લોર્ડ માઉન્ટ બેટન** સ્વતંત્ર ભારતના **પ્રથમ ગવર્નર જનરલ** હતા. શ્રી જવાહરલાલ નહેરુને ભારતના પ્રથમ વડાપ્રધાન તરીકેના શપથ લોર્ડ માઉન્ટ બેટને જ અપાવ્યા હતા.

(2) લોર્ડ માઉન્ટ બેટન બાદ જૂન 1948થી 26 જાન્યુઆરી, 1950 સુધી **શ્રી સી. રાજગોપાલાચારી** ભારતના ગવર્નર જનરલના પદે રહયા હતા. **શ્રી સી. રાજગોપાલાચારી ભારતના અંતિમ (તથા એકમાત્ર ભારતીય) ગવર્નર જનરલ** હતા.

## પ્રજાસત્તાક દેશ કોને કહે છે ?

જે દેશના રાષ્ટ્રપ્રમુખ વંશ પરંપરાગત રીતે ન આવતા પ્રત્યક્ષ કે પરોક્ષ ચૂંટણી દ્વારા ચૂંટાઈને આવે તેવા જ દેશને પ્રજાસત્તાક કહેવાય છે.

## ભારતના બંધારણની રચનાનો સંક્ષિપ્ત ઈતિહાસ

### બંધારણ નિર્માણનો સૌપ્રથમ પ્રયાસ

ભારતના બંધારણના નિર્માણનો સૌપ્રથમ પ્રયાસ **10 ઓગસ્ટ, 1928**ના રોજ રજૂ થયેલા **નહેરુ રિપોર્ટ**માં થયો હતો.

- આથી **'નહેરુ રિપોર્ટ'**ને બંધારણની **'બ્લૂપ્રિન્ટ'** કહેવામાં આવે છે.
- આ રિપોર્ટ **શ્રી મોતિલાલ નહેરુ**ની અધ્યક્ષતામાં બનેલી એક સમિતિ દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## બંધારણ સભાના અધ્યક્ષ

ભારતના બંધારણના નિર્માણ માટે બંધારણ સભાની પ્રથમ બેઠક **9 ડિસેમ્બર, 1946**ના રોજ **નવીદિલ્હી**ના વર્તમાન **સંસદ ભવન**ના **સેન્ટ્રલ હોલ**માં મળી હતી.

- બંધારણ સભાની આ **પ્રથમ બેઠક**માં બંધારણ સભાના **કાર્યકારી અધ્યક્ષ** તરીકે **ડો. સચ્ચિદાનંદ સિન્હા**ની નિમણૂક કરવામાં આવી હતી.
- જોકે ત્યારબાદ **11 ડિસેમ્બર, 1946**ના રોજ **ડો. રાજેન્દ્ર પ્રસાદ** બંધારણ સભાના કાયમી અધ્યક્ષ તરીકે ચૂંટાઈ આવ્યા હતા.

## ઉદ્દેશ પ્રસ્તાવ

બંધારણ સભામાં **13 ડિસેમ્બર, 1946**ના રોજ **શ્રી જવાહર લાલ નહેરુ** દ્વારા **'ઉદ્દેશ પ્રસ્તાવ'** રજૂ કરવામાં આવ્યો હતો.

- 22 જાન્યુઆરી, 1947ના રોજ આ 'ઉદ્દેશ પ્રસ્તાવ' સ્વીકારવામાં આવ્યો. આગળ જતાં આ 'ઉદ્દેશ પ્રસ્તાવ' બંધારણનું 'આમુખ' બન્યો.

## બંધારણ સભાના કાર્યો

બંધારણ સભાના મુખ્ય બે કાર્યો હતા :

(1) બંધારણનું નિર્માણ અને (2) દેશ માટે સામાન્ય કાયદાઓનું ઘડતર

- જ્યારે બંધારણ સભા બંધારણના નિર્માણ માટે મળતી હતી ત્યારે તેના અધ્યક્ષ ડો. રાજેન્દ્ર પ્રસાદ રહેતા.
- અને બંધારણ સભા જ્યારે દેશ માટે સામાન્ય કાયદાઓનું ઘડતર કરવા માટે મળતી ત્યારે એક ધારાકીય સંસ્થા (અથવા તો સંસદ) તરીકેની તેની ભૂમિકા રહેતી હતી. આ દરમિયાન તેના અધ્યક્ષ શ્રી ગણેશ વાસુદેવ માવળંકર રહેતા હતા.

## ધારાકીય સંસ્થા (સંસદ) તરીકે બંધારણ સભા

એક ધારાકીય સંસ્થા (અથવા તો સંસદ) તરીકે બંધારણ સભા સૌપ્રથમ વખત 17 નવેમ્બર, 1947ના રોજ મળી હતી અને આ બેકઠમાં જ શ્રી ગણેશ વાસુદેવ માવળંકર સ્પીકર તરીકે ચૂંટાઈ આવ્યા હતા.

- બંધારણ સભા સ્વતંત્ર ભારતની પ્રથમ સંસદ બની હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAM ®

## મુસદ્દા સમિતિ

ભારતના બંધારણના ઘડતર માટે અનેક સમિતિઓની રચના કરવામાં આવી હતી. આ તમામ સમિતિઓમાં મુસદ્દા (અથવા પ્રારૂપ અથવા તો ખરડા) સમિતિ સૌથી મહત્ત્વની હતી.

- આ સમિતિનું કાર્ય બંધારણનું પ્રારૂપ તૈયાર કરવાનું હતું.
- આ સમિતિમાં કુલ 7 સભ્યો હતા.
- આ સમિતિના અધ્યક્ષ તરીકે ડો. બાબાસાહેબ આંબેડકરની નિમણૂક કરવામાં આવી હતી.

## બંધારણ નિર્માણ સ્વીકાર અને અમલ

બંધારણ સભા દ્વારા કુલ 11 સત્રો યોજીને 2 વર્ષ, 11 મહિના અને 18 દિવસમાં બંધારણ તૈયાર કરવામાં આવ્યું હતું.

# icerajkot

# WEEKLY VIDEOS
## રવિવારથી શનિવાર
## 24-01-21 TO 30-01-21

**Click to Play**

































SUBSCRIBE

YouTube

ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS

- બંધારણના વિવિધ ભાગોના અભ્યાસ માટે બંધારણ સભાની કુલ 166 બેઠકો મળી હતી.
- બંધારણ સભાએ બંધારણનું પ્રથમ વાંચન : 17 ઓક્ટોબર, 1949, બીજું વાંચન : 16 નવેમ્બર, 1949 અને ત્રીજું વાંચન : 26 નવેમ્બર, 1949 ના રોજ પૂરું કર્યું હતું.
- 26 નવેમ્બર, 1949ના રોજ ભારતીય બંધારણનો સ્વીકાર કરવામાં આવ્યો હતો અને બંધારણ સભાના કુલ 299 સભ્યોમાંથી તે સમયે હાજર 284 સભ્યોએ બંધારણ પર હસ્તાક્ષર કર્યા હતા.
- અને નાગરિકત્વ, ચૂંટણીઓ, કામચલાઉ સંસદ, કામ ચલાઉ અને પરિવર્તનશીલ જોગવાઈઓ તાત્કાલિક એટલે કે 26 નવેમ્બર, 1949ના રોજ અમલમાં આવી ગઈ.
- ત્યારબાદ 26 જાન્યુઆરી, 1950ના રોજ ભારતના સંપૂર્ણ બંધારણનો અમલ કરવામાં આવ્યો.

**ICE FACTS :**

(1) ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસે ઈ.સ. 1930ના લાહોર અધિવેશનમાં 26 જાન્યુઆરીને 'પૂર્ણ સ્વરાજ દિવસ' તરીકે ઉજવવાનું નક્કી કર્યું હતું. આથી 26 જાન્યુઆરીના રોજ ભારતનું સંપૂર્ણ બંધારણ લાગુ કરવામાં આવ્યું હતું.

(2) બંધારણ સભા દ્વારા 24 જાન્યુઆરી, 1950ના રોજ ભારતના રાષ્ટ્રગીત અને રાષ્ટ્રગાનનો સ્વીકાર કરવામાં આવ્યો હતો.

(3) ભારતમાં 26 નવેમ્બર, 1949ના રોજ બંધારણનો સ્વીકાર કરવામાં આવ્યો હતો. આથી ભારતમાં નવેમ્બર 'કાયદા દિવસ' અથવા તો 'બંધારણ દિવસ' તરીકે ઉજવાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભારતીય બંધારણના પરીક્ષાલક્ષી અત્યંત મહત્વના કેટલાક સુધારાઓ

ભારતીય બંધારણના ભાગ-20ના અનુચ્છેદ 368 અનુસાર ભારતના બંધારણમાં સુધારો થઈ શકે છે.

- આ અંતર્ગત 26 જાન્યુઆરી, 2021 સુધીમાં ભારતના બંધારણમાં કુલ 104 સુધારાઓ થયા છે.
- ગયા વર્ષે ભારતની લોકસભા અને રાજયની વિધાનસભાઓમાં SC તથા ST સમુદાય માટે અનામત બેઠકો રાખવા અંગેની મુદત 10 વર્ષ વધારવા માટે ભારતના બંધારણમાં 104મો સુધારો કરવામાં આવ્યો છે. ભારતીય બંધારણમાં અત્યાર સુધી થયેલા 104 સુધારાઓમાંથી પરીક્ષાની દષ્ટિએ અત્યંત અગત્યના કેટલાક સુધારાઓ આ પ્રમાણે છે :

## 7મો બંધારણીય સુધારો, 1956

રાજ્ય પુનર્રચના પંચના રિપોર્ટ અનુસાર ભાષાને આધારે રાજ્યોની પુનર્રચના કરવા માટે ભારતના બંધારણમાં આ સુધારો કરવામાં આવ્યો હતો.

- આઝાદી સમયે ભારતમાં ક, ખ, ગ, ઘ એમ કુલ ચાર વર્ગોમાં રાજ્યો અસ્તિત્વમાં હતા.
- આ સાતમા બંધારણીય સુધારાથી ભારતમાં આ ચાર વર્ગોના રાજ્યોની જગ્યાએ નવા 14 રાજ્યો અને 6 કેન્દ્રશાસિત પ્રદેશો અસ્તિત્ત્વમાં આવ્યા.

## 42મો બંધારણીય સુધારો, 1976

બંધારણનો 42મો સુધારો સૌથી મહત્ત્વનો બંધારણીય સુધારો છે. તેને **'મિની કોન્સ્ટીટયુશન'** અથવા તો **'લઘુ બંધારણ'** તરીકે પણ ઓળખવામાં આવે છે.

- આ સુધારા દ્વારા શ્રી સ્વર્ણ સિંહ સમિતિની ભલામણો લાગુ કરવામાં આવી હતી. આ સુધારાની કેટલીક મુખ્ય જોગવાઈઓ આ પ્રમાણે છે :

(1) બંધારણના આમુખમાં 'સમાજવાદી', 'ધર્મનિરપેક્ષ' અને 'અખંડતા' એમ કુલ નવા ત્રણ શબ્દો ઉમેરાયા.

(2) બંધારણમાં નવા ભાગ 4–ક દ્વારા મૂળભૂત ફરજો ઉમેરવામાં આવી.

(3) કેબિનેટની સલાહ રાષ્ટ્રપતિ માટે બંધનકર્તા બનાવવામાં આવી.

(4) લોકસભા અને વિધાનસભા કાર્યકાળને 5 વર્ષથી 6 વર્ષ કરાયા.

(5) બંધારણીય સુધારાઓને ન્યાયિક તપાસમાંથી મુક્ત કરવામાં આવ્યા.

(6) ત્રણ નવા માર્ગદર્શક સિદ્ધાંતનો ઉમેરો.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 44મો બંધારણીય સુધારો, 1978

42મા બંધારણીય સુધારા દ્વારા લાગુ કરવામાં આવેલી કેટલીક જોગવાઈઓને રદ કરવા માટે જનતા સરકાર દ્વારા આ 44મો બંધારણીય સુધારો કરવામાં આવ્યો હતો. જેની કેટલીક મુખ્ય જોગવાઈઓ આ પ્રમાણે છે :

(1) લોકસભા અને વિધાનસભાની મુદત પૂર્વવત્ 5 વર્ષ કરવામાં આવી.

(2) રાષ્ટ્રીય કટોકટીના સંદર્ભમાં 'આંતરિક અશાંતિ' શબ્દની જગ્યાએ 'સશસ્ત્ર વિદ્રોહ' શબ્દ ઉમેરવામાં આવ્યો.

(3) ફક્ત કેબિનેટની લેખિત ભલામણ દ્વારા જ રાષ્ટ્રપતિ રાષ્ટ્રીય કટોકટીની જાહેરાત કરી શકે તેવી જોગવાઈ કરવામાં આવી.

(4) મૂળભૂત અધિકારોની યાદીમાંથી સંપત્તિનો અધિકાર સમાપ્ત કરવામાં આવ્યો અને તેને ફક્ત કાનૂની અધિકાર બનાવવામાં આવ્યો.

(5) રાષ્ટ્રીય કટોકટી વખતે અનુચ્છેદ 20 અને 21 દ્વારા આપવામાં આવેલા મૂળભૂત અધિકારો પર રોક લગાવી શકાશે નહિ.

## 52મો બંધારણીય સુધારો, 1985

આ સુધારો પક્ષ–પલટા વિરોધી કાયદા તરીકે ઓળખાય છે. આ સુધારા દ્વારા બંધારણમાં 10મી અનુસૂચિ જોડવામાં આવી. તેમાં સંસદ કે વિધાનસભાનો કોઈ સભ્ય પક્ષ બદલે તો તેનું સભ્યપદ સમાપ્ત કરવાની જોગવાઈ છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 61મો બંધારણીય સુધારો, 1989

આ સુધારાથી મતાધિકારની વય મર્યાદા 21 વર્ષથી ઘટાડીને 18 વર્ષ કરવામાં આવી.

## 73મો બંધારણીય સુધારો, 1992

આ સુધારાથી પંચાયતીરાજ વ્યવસ્થા અમલમાં આવી. આ માટે બંધારણમાં ભાગ-9 અને પરિશિષ્ટ-11 ઉમેરવામાં આવ્યા.

## 74મો બંધારણીય સુધારો, 1992

આ સુધારા દ્વારા નગરપાલિકા (શહેરી સ્થાનિક સંસ્થાઓ)ને બંધારણીય સ્થિતિ અને સુરક્ષા આપવામાં આવી. આ માટે બંધારણમાં ભાગ-9ક અને પરિશિષ્ટ-12 ઉમેરવામાં આવ્યા.

## 86મો બંધારણીય સુધારો, 2002

આ સુધારા દ્વારા 6 થી 14 વર્ષના બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો મૂળભૂત અધિકાર આપવામાં આવ્યો. આ માટે બંધારણમાં અનુચ્છેદ-21(ક) તથા 51(ક)(ઢ) ઉમેરવામાં આવી. જેના દ્વારા નવી 11મી મૂળભૂત ફરજ અસ્તિત્વમાં આવી.

## 93મો બંધારણીય સુધારો, 2006

આ સુધારા દ્વારા સામાજિક અને શૈક્ષણિક દષ્ટિએ પછાતો માટે એટલે કે અન્ય પછાત વર્ગ (OBC) માટે શૈક્ષણિક સંસ્થાઓમાં અનામતની વ્યવસ્થા કરવામાં આવી. આ માટે અનુચ્છેદ-15માં પરિવર્તન કરવામાં આવ્યું.

## 94મો બંધારણીય સુધારો, 2011

આ સુધારા દ્વારા ભારતમાં સહકારી મંડળીઓને બંધારણીય સ્થાન અને સંરક્ષણ આપવામાં આવ્યું.

## 101મો બંધારણીય સુધારો, 2016

ભારતમાં GST (ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ) લાગુ કરવા માટે આ સુધારો કરવામાં આવ્યો છે.

## 103મો બંધારણીય સુધારો, 2019

ભારતમાં જનરલ કેટેગરીના આર્થિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને સરકારી નોકરીઓ તથા શિક્ષણ સંસ્થાઓમાં અનામત આપવા માટે આ સુધારો કરવામાં આવ્યો છે. આ માટે બંધારણમાં અનુચ્છેદ 15(6) અને 16(6) ઉમેરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# પદ્મ પુરસ્કાર 2021

ભારતમાં દર વર્ષે 'પ્રજાસત્તાક દિન' નિમિત્તે પ્રજાસતાક દિવસની પૂર્વ સંધ્યાએ 'પદ્મ પુરસ્કાર' વિજેતાઓની જાહેરાત કરવામાં આવે છે.

- આ અંતર્ગત 25 જાન્યુઆરી, 2021ના રોજ વર્ષ 2021ના પદ્મ પુરસ્કાર માટે કુલ 119 મહાનુભાવોના નામની જાહેરાત કરવામાં આવી છે.
- જેમાંથી 7 વ્યકિતઓની પદ્મ વિભૂષણ, 10ની પદ્મ ભૂષણ અને 102 વ્યકિતઓની પદ્મશ્રી એવોર્ડ માટે પસંદગી કરવામાં આવી છે.
- વર્ષ 2021 માટેના પદ્મ પુરસ્કાર વિજેતાઓની યાદીમાં 29 મહિલાઓ તથા 10 ફોરેનરનો સમાવેશ થાય છે.
- તેમજ વર્ષ 2021માં કુલ 16 વ્યકિતઓને મરણોપરાંત અને 1 ટ્રાન્સજેન્ડર વ્યકિતને આ એવોર્ડ એનાયત થયો છે.
- જ્યારે આ યાદીમાં ગુજરાત સાથે સંકળાયેલ હોય તેવા 7 વ્યકિતઓનો સમાવેશ થયો છે.

## પદ્મ વિભૂષણ 2021 વિજેતા મહાનુભાવો

| ક્રમ | નામ | ક્ષેત્ર | રાજ્ય/દેશ |
|---|---|---|---|
| 1 | શ્રી શિન્ઝો આબે | રાજનીતિ | જાપાન |
| 2 | શ્રી એસ.પી. બાલાસુબ્રમણિયમ (મરણોપરાંત) | કલા | તમિલનાડુ |
| 3 | ડો. બેલ્લે મોનપ્પા હેગડે | ચિકિત્સા | કર્ણાટક |
| 4 | શ્રી નરિંદર સિંહ કાપાની | વિજ્ઞાન અને એન્જિનિયરીંગ | અમેરિકા |
| 5 | મૌલાના વહિદુદ્દીન ખાન | આધ્યાત્મિકતા | દિલ્હી |
| 6 | શ્રી બી. બી. લાલ | પુરાતત્વવિદ્યા | દિલ્હી |
| 7 | શ્રી સુદર્શન સાહુ | કલા | ઓડિશા |

## પદ્મ ભૂષણ 2021 વિજેતા મહાનુભાવો

| ક્રમ | નામ | ક્ષેત્ર | રાજ્ય |
|---|---|---|---|
| 1 | શ્રીમતી ક્રિષ્નન નૈયર શાંતાકુમારી ચિત્રા | કલા | કેરલ |
| 2 | શ્રી તરૂણ ગોગોઈ (મરણોપરાંત) | રાજનીતિ | આસામ |
| 3 | શ્રી ચંદ્રશેખર કંબરા | સાહિત્ય અને શિક્ષણ | કર્ણાટક |
| 4 | શ્રીમતી સુમિત્રા મહાજન | રાજનીતિ | મધ્યપ્રદેશ |
| 5 | શ્રી નૃપેન્દ્ર મિશ્રા | જાહેર સેવા | ઉત્તરપ્રદેશ |
| 6 | શ્રી રામવિલાસ પાસવાન (મરણોપરાંત) | રાજનીતિ | બિહાર |
| 7 | શ્રી કેશુભાઈ પટેલ (મરણોપરાંત) | રાજનીતિ | ગુજરાત |
| 8 | શ્રી કાલ્બે સાદિક (મરણોપરાંત) | આધ્યાત્મિકતા | ઉત્તરપ્રદેશ |
| 9 | શ્રી રજનીકાંત દેવીદાસ શ્રોફ | વ્યાપાર–ઉદ્યોગ | મહારાષ્ટ્ર |
| 10 | શ્રી તારલોચન સિંહ | રાજનીતિ | હરિયાણા |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**ICE FACT :**

(1) વર્ષ 2021ના પદ્મ ભૂષણ એવોર્ડ વિજેતાઓમાં ગુજરાતમાંથી એકમાત્ર શ્રી કેશુભાઈ પટેલનો સમાવેશ થયો છે.

## પદ્મ પુરસ્કાર 2021 વિજેતા ગુજરાતી મહાનુભાવો

| ક્રમ | નામ | ક્ષેત્ર | પુરસ્કાર |
|---|---|---|---|
| 1 | શ્રી કેશુભાઈ પટેલ (મરણોપરાંત) | રાજનીતિ | પદ્મ ભૂષણ |
| 2 | શ્રી દાદુદાન ગઢવી | સાહિત્ય અને શિક્ષણ | પદ્મશ્રી |
| 3 | શ્રી મહેશ કનોડિયા અને શ્રી નરેશભાઈ કનોડિયા (સંયુકત રીતે) | કલા | પદ્મશ્રી |
| 4 | શ્રી ચંદ્રકાન્ત મહેતા | સાહિત્ય અને શિક્ષણ | પદ્મશ્રી |

**ICE FACTS :**

(1) ગુજરાત સાથે સંકળાયેલા અને હાલ મહારાષ્ટ્રમાં સ્થાયી થયેલા લિજ્જત પાપડના સ્થાપક જસવંતીબહેન પોપટને પદ્મશ્રી પુરસ્કાર એનાયત થયો છે.

(2) ગુજરાતના કચ્છમાં જન્મેલા અને યુનાઈટેડ ફોસ્ફરસ લિમિટેડના સ્થાપક ઉદ્યોગપતિ શ્રી રજનીકાન્ત શ્રોફને પદ્મ ભૂષણ પુરસ્કાર એનાયત થયો છે.

(3) જ્યારે સ્પેનમાં જન્મેલા પ્રસિદ્ધ ગુજરાતી સાહિત્યકાર શ્રી ફાધર વાલેસને મરણોપરાંત પદ્મશ્રી પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## પદ્મશ્રી 2021 વિજેતા રમતવીરો

| ક્રમ | ખેલાડીઓના નામ | રમત | રાજ્ય |
|---|---|---|---|
| 1 | સુશ્રી પી. અનિતા | બાસ્કેટબોલ | તમિલનાડુ |
| 2 | સુશ્રી મૌમા દાસ | ટેબલ ટેનીસ | પશ્ચિમ બંગાળ |
| 3 | સુશ્રી અંશુ જમ્સેન્પા | પર્વતારોહક | અરૂણાચલપ્રદેશ |
| 4 | શ્રી માધવન નામ્બિયર | ટ્રેક એન્ડ ફિલ્ડ | કેરલ |
| 5 | સુશ્રી સુધા હરિ નારાયણ સિંઘ | ટ્રેક એન્ડ ફિલ્ડ | ઉત્તરપ્રદેશ |
| 6 | શ્રી વિરેન્દર સિંહ | રેસલર | હરિયાણા |
| 7 | શ્રી કે. વાય. વેંકટેશ | પેરા–એથલીટ | કર્ણાટક |

## ભારતના સર્વોચ્ચ એવોર્ડ

ભારતના સર્વોચ્ચ એવોર્ડ ક્રમશઃ આ મુજબ છે :

(1) ભારત રત્ન (2) પદ્મ વિભૂષણ (3) પદ્મ ભૂષણ (4) પદ્મશ્રી

## પદ્મ પુરસ્કાર


પદ્મ પુરસ્કાર અંતર્ગત ત્રણ એવોર્ડનો સમાવેશ થાય છે :

| ક્રમ | એવોર્ડ | શા માટે એનાયત થાય છે ? |
|---|---|---|
| 1 | પદ્મ વિભૂષણ | કોઈ ક્ષેત્રમાં અમૂલ્ય યોગદાન માટે |
| 2 | પદ્મ ભૂષણ | કોઈ ક્ષેત્રમાં વિશિષ્ટ અને ઉલ્લેખનીય યોગદાન માટે |
| 3 | પદ્મશ્રી | જીવનના વિવિધક્ષેત્રો સાહિત્ય, શિક્ષણ, કલા, વિજ્ઞાન વગેરેમાં વિશિષ્ટ યોગદાન માટે |

ભારતમાં 'ભારતરત્ન પુરસ્કાર'ની સાથે 'પદ્મ પુરસ્કાર'નો પ્રારંભ પણ વર્ષ 1954થી થયો હતો.

**ICE FACT :**

(1) ભારતમાં માર્ચ, એપ્રિલ 2020 દરમિયાન રાષ્ટ્રપતિ ભવન ખાતે યોજાનાર સમારોહમાં ઉપરોક્ત મહાનુભાવોને ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદના હસ્તે એવોર્ડ એનાયત થશે.

1. 'વિશ્વ કસ્ટમ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 24 જાન્યુઆરી (B) 25 જાન્યુઆરી (C) 26 જાન્યુઆરી (D) 27 જાન્યુઆરી (C)

2. 26 જાન્યુઆરી, 2021ના રોજ ભારતમાં કેટલામાં પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરવામાં આવી હતી ?
(A) 68મા (B) 70મા (C) 71મા (D) 72મા (D)

3. ભારતમાં 72મા પ્રજાસત્તાક દિવસની ઉજવણીના મુખ્ય અતિથિ તરીકે કોણ ઉપસ્થિત રહયા હતા ?
(A) શ્રી જેર બોલ્સોનારો (B) શ્રી ડીન બેરો
(C) શ્રી શ્રી જસ્ટિન ટ્રુડો (D) એકપણ નહિ (D)

4. 26 જાન્યુઆરી, 2021ના રોજ નવી દિલ્હી ખાતે યોજાયેલી ભારતના પ્રજાસત્તાક પર્વની પરેડમાં ગુજરાત તરફથી કયા ટેબ્લોનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું ?
(A) રાણીની વાવ : જલમંદિર (B) મોઢેરાના સૂર્યમંદિર સાથે ટિપ્પણી નૃત્યનું
(C) રાણીની વાવ : દિવ્ય મંદિર (D) અમદાવાદ હેરિટેજ સિટી (B)

5. 26 જાન્યુઆરી, 2021ના રોજ ગુજરાતમાં પ્રજાસત્તાક પર્વની રાજ્યકક્ષાની ઉજવણી કયા જિલ્લામાં કરવામાં આવી હતી ?
(A) જામનગર (B) ભાવનગર (C) દાહોદ (D) સુરેન્દ્રનગર (C)

6. 26 જાન્યુઆરી, 2021ના રોજ નવી દિલ્હી ખાતે યોજાયેલી ભારતના પ્રજાસત્તાક પર્વની પરેડમાં કયાં દેશની સૈનિક ટુકડીએ ભાગ લીધો હતો ?
(A) બાંગ્લાદેશ (B) ફ્રાન્સ (C) મ્યાનમાર (D) નેપાળ (A)

7. ભારતમાં વર્ષ 2021ના પદ્મ પુરસ્કાર માટે કુલ કેટલા મહાનુભાવોની પસંદગી કરવામાં આવી છે ?
(A) 138 (B) 119 (C) 141 (D) 142 (B)

8. ભારતમાં વર્ષ 2021ના પદ્મ વિભૂષણ પુરસ્કાર માટે કુલ કેટલા મહાનુભાવોની પસંદગી કરવામાં આવી છે ?
(A) 6 (B) 8 (C) 9 (D) 7 (D)

9. તાજેતરમાં શ્રી શિન્ઝો આબેને વર્ષ 2021નો પદ્મ વિભૂષણ એનાયત કરવામાં આવ્યો છે, તેઓ કયા દેશના પૂર્વ વડાપ્રધાન છે ?
(A) દક્ષિણ કોરિયા (B) તાઈવાન (C) જાપાન (D) ફિલિપીન્સ (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

10. તાજેતરમાં ગુજરાતના કયા મહાનુભવની પદ્મ ભૂષણ 2021 માટે પસંદગી કરવામાં આવી છે ?

(A) શ્રી કેશુભાઈ પટેલ (B) શ્રી દાદુદાન ગઢવી

(C) શ્રી ચંદ્રકાન્ત મહેતા (D) શ્રી મહેશ કનોડિયા **(A)**

11. શ્રી દાદુદાન ગઢવીને કયા ક્ષેત્રની તેમની સેવા બદલ વર્ષ 2021માં પદ્મશ્રી પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે ?

(A) રાજનીતિ (B) કલા

(C) સાહિત્ય અને શિક્ષણ (D) ચિકિત્સા **(C)**

12. પદ્મ પુરસ્કાર 2021 વિજેતા મહાનુભવોના સંદર્ભે કયો વિકલ્પ સાચો નથી ?

(A) શ્રી મહેશભાઈ કનોડિયા અને શ્રી નરેશભાઈ કનોડિયા – પદ્મશ્રી

(B) શ્રી ચંદ્રકાન્ત મહેતા – પદ્મશ્રી

(C) શ્રી જસવંતીબહેન પોપટ – પદ્મશ્રી

(D) શ્રી ફાધર વાલેસ – પદ્મ વિભૂષણ **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

13. પદ્મશ્રી 2021 વિજેતા ખેલાડીઓ અને તેમની રમતના સંદર્ભમાં નીચેનામાંથી કયો વિકલ્પ સાચો નથી ?

(A) સુશ્રી પી. અનિતા – બાસ્કેટબોલ (B) સુશ્રી મૌમા દાસ – ટેબલ ટેનીસ

(C) સુશ્રી જમ્સેન્યા – બેડ મિન્ટન (D) શ્રી વિરેન્દર સિંહ – રેસલર **(C)**

14. ભારતમાં જીવનના વિવિધ ક્ષેત્રો સાહિત્ય, શિક્ષણ, કલા, વિજ્ઞાન વગેરેમાં વિશિષ્ટ યોગદાન માટે કયો પદ્મ પુરસ્કાર એનાયત થાય છે ?

(A) પદ્મશ્રી (B) પદ્મ ભૂષણ

(C) પદ્મ વિભૂષણ (D) ત્રણમાંથી કોઈ નહિ **(A)**

15. ભારતમાં પદ્મ પુરસ્કાર તથા ભારતરત્ન પુરસ્કારનો પ્રારંભ કયારથી થયો હતો ?

(A) 1952 (B) 1954 (C) 1956 (D) 1958 **(B)**

## ગ્લોબલ ક્લાયમેટ રિસ્ક ઈન્ડેક્સ 2021માં ભારત સાતમા ક્રમાંકે રહ્યું

જર્મનીના બોન સ્થિત પર્યાવરણ થિંક ટેન્ક જર્મનવોચ દ્વારા તાજેતરમાં ગ્લોબલ ક્લાયમેટ રિસ્ક ઈન્ડેક્સ (GCRI) 2021 જાહેર કરવામાં આવ્યો હતો.

- ગ્લોબલ ક્લાયમેટ રિસ્ક ઈન્ડેક્સ 2021એ વાર્ષિક ગ્લોબલ ક્લાયમેટ રિસ્ક ઈન્ડેક્સની 16મી આવૃત્તિ છે.

### અહેવાલના મુખ્ય તારણો

ગ્લોબલ ક્લાયમેટ રિસ્ક ઈન્ડેક્સ 2021 અનુસાર ભારત સાતમા ક્રમાંકે રહ્યું છે.

- ગ્લોબલ ક્લાયમેટ રિસ્ક ઈન્ડકેસ 2021માં મોઝામ્બિક અને ઝિમ્બાબ્વે અનુક્રમે પ્રથમ અને બીજા ક્રમાંકે રહયા છે.
- પર્યાવરણીય ફેરફારને કારણે વર્ષ 2019માં જાનહાની અને આર્થિક નુકસાનીની બાબતમાં ભારત પ્રથમ ક્રમાંકે રહયું હતું.
- વર્ષ 2000-2019 સુધીમાં સૌથી વધુ અસરગ્રસ્ત દસ દેશોની યાદીમાં પ્યુર્ટો રિકા દેશ પ્રથમ ક્રમાંકે રહયો છે.
- રિપોર્ટ પ્રમાણે ભારતમાં વર્ષ 2019 દરમિયાન કુલ 8 ઉષ્ણકટિબંધીય ચક્રવાતોએ ગંભીર અસરો કરી હતી.

### ગ્લોબલ ક્લાયમેટ રિસ્ક ઈન્ડેક્સ વિશે

ગ્લોબલ ક્લાયમેટ રિસ્ક ઈન્ડેક્સ વાર્ષિક ધોરણે જર્મનવોચ દ્વારા પ્રકાશિત કરવામાં આવે છે.

- આ સૂચકાંક કોઈ દેશ અને અર્થ વ્યવસ્થા પર આબોહવાની ઘટનાઓના પ્રભાવનું વિશ્લેષણ કરે છે.
- આ ઈન્ડેક્સ મ્યુનિક રેની નેટકેટ સર્વિસિઝ ડેટાના આધારે તૈયાર કરવામાં આવ્યો છે.

### જર્મન વોચ વિશે

જર્મનવોચએ બિન-લાભકારી તેમજ બિન-સરકારી સંસ્થા છે. જેની સ્થાપના વર્ષ 1991માં કરવામાં આવી હતી.

- આ પર્યાવરણ થિંક ટેન્ક જર્મનીના બોન શહેરમાં સ્થિત છે.
- વેપાર અને પર્યાવરણ પરની જાહેર નીતિને પ્રભાવિત કરવાના ઉદ્દેશથી તેની સ્થાપના કરવામાં આવી હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## BSF દ્વારા 'ઓપરેશન સર્દ હવા' રાજસ્થાનની પશ્ચિમ સરહદ પર શરૂ કરવામાં આવ્યું

21 જાન્યુઆરી, 2021ના રોજ બોર્ડર સિક્યુરિટી ફોર્સ (BSF) દ્વારા રાજસ્થાનની પશ્ચિમ સરહદ પર 'ઓપરેશન સર્દ હવા' શરૂ કરવામાં આવ્યું હતું.

- આ ઓપરેશનનો મુખ્ય હેતુ આ પ્રદેશમાં ગાઢ ધુમ્મસને કારણે થતી ઘૂસણખોરીના કિસ્સાઓની તપાસ કરવાનો છે.
- ઓપરેશન સર્દ હવા 27 જાન્યુઆરીના 2021 સુધી ચાલુ રાખવામાં આવ્યું હતું.

### ઓપરેશન સર્દ હવા વિશે

આંતરરાષ્ટ્રીય સરહદ પર બાજ નજર રાખવા માટે 'ઓપરેશન સર્દ હવા' શરૂ કરાયું હતું.

- આ ઓપરેશન હેઠળ જવાનો સરહદ નજીક આવેલા પોલીસ સ્ટેશન વિસ્તારોમાં અદ્યતન શસ્ત્રો સાથે પેટ્રોલિંગ કરે છે.
- આ ઓપરેશન અંતર્ગત સરહદ પર તૈનાત જવાનોની સંખ્યામાં વધારો કરવામાં આવ્યો છે.
- ઓપરેશન સર્દ હવા દરમિયાન બોર્ડર સિક્યુરિટી ફોર્સની ઈન્ટેલિજન્સ વિંગ પણ સક્રિય રહી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### બોર્ડર સિક્યુરિટી ફોર્સ (BSF) વિશે

બોર્ડર સિક્યુરિટી ફોર્સ (BSF)ની સ્થાપના 1 ડિસેમ્બર, 1965ના રોજ કરવામાં આવી હતી.

- તેનું મુખ્યમથક નવી દિલ્હી ખાતે આવેલું છે.
- બોર્ડર સિક્યુરિટી ફોર્સનું મુખ્ય કાર્ય ભારતની સરહદોની સુરક્ષા સુનિશ્ચિત કરવાનું છે.
- તે કેન્દ્રના ગૃહ મંત્રાલય અંતર્ગત કાર્યરત છે.
- તેનું આદર્શ વાકય 'જીવન પર્યન્ત કર્તવ્ય' છે.

## પરમાણુશસ્ત્રોના પ્રતિબંધ અંગેની સંધિ 22 જાન્યુઆરી, 2021ના રોજ અમલમાં આવી

પરમાણુશસ્ત્રોના પ્રતિબંધ અંગેની સંધિ (Treaty on Prohibition of Nuclear Weapons) 7 જુલાઈ, 2017ના રોજ સ્વીકારવામાં આવી હતી. આ સંધિ તાજેતરમાં 22 જાન્યુઆરી 2021ના રોજ અમલમાં આવી છે.

- આ સંધિ પ્રથમ કાનૂની રૂપથી બાધ્ય આંતરરાષ્ટ્રીય સમજૂતી છે જેનો ઉદ્દેશ પરમાણુ શસ્ત્રોના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવાનો છે.

## ભારતે પરમાણુશસ્ત્રોના પ્રતિબંધ અંગેની સંધિનું સમર્થન ને કર્યું

ભારતે તાજેતરમાં એક ઘોષણા કરી હતી કે તે પરમાણુ શસ્ત્રોના પ્રતિબંધ અંગેની સંધિનું સમર્થન કરતું નથી અને તે સંધિ માટે બાધ્ય નથી.

## પૃષ્ઠભૂમિ

પરમાણુશસ્ત્રોના પ્રતિબંધ અંગેની સંધિને સંયુકતરાષ્ટ્ર મહાસભા દ્વારા વર્ષ 2017માં મંજૂરી આપવામાં આવી હતી. જો કે, ફકત 120 સભ્યોએ આ સંધિ પર હસ્તાક્ષર કર્યા છે.

- ભારત સહિત વિશ્વના મોટા પરમાણુ શક્તિ ધરાવતા દેશોએ આ સંધિને સમર્થન કર્યું નથી.
- અન્ય પરમાણુશકિત ધરાવતા દેશો કે જેઓએ આ સંધિને સમર્થન કર્યું નથી તેમાં ચીન, અમેરિકા, ફ્રાંસ, જાપાન, ઉત્તર કોરિયા, રશિયા, પાકિસ્તાન અને ઈઝરાયેલનો સમાવેશ થાય છે.

## પરમાણુશસ્ત્રોના પ્રતિબંધ અંગેની સંધિની વિશેષતાઓ

આ સંધિ રાષ્ટ્રીય ક્ષેત્રો પર પરમાણુ હથિયારોના ઉપયોગ પર પ્રતિબંધ લગાવે છે.

- આ સંધિ પર હસ્તાક્ષર કરનાર રાષ્ટ્રએ તેના પરમાણુશસ્ત્રોના પરીક્ષણથી પ્રભાવિત રાષ્ટ્રને પૂરતી સહાય પૂરીપાડવી જોઈએ.
- સંધિમાં હસ્તાક્ષર કરનાર રાજ્યપક્ષે જાહેર કરવું જોઈએ કે તેણે તેના અગાઉના પરમાણુશસ્ત્ર કાર્યક્રમોને બંધ કરી દીધા છે.
- હસ્તાક્ષર કરનાર રાજ્ય પક્ષે એ પણ જાહેર કરવું જોઈએ કે તે અન્ય દેશોના પરમાણુશસ્ત્રો ધરાવે છે કે નહીં.

® ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ICE FACTS

(1) ભારત પરમાણુ હથિયાર ધરાવતા દેશો વિરૂદ્ધ 'નો ફર્સ્ટ યુઝ'ની નીતિ અને પરમાણુ હથિયાર ન ધરાવતા રાજ્યો વિરૂદ્ધ પરમાણુ હથિયારનો ઉપયોગ ન કરવા માટે પ્રતિબદ્ધ છે.

(2) ભારતે Non-Proliferation Treaty (અપ્રસાર સંધિ) અને કોમ્પ્રેહેન્સિવ ન્યૂકિલયર ટેસ્ટ બેન ટ્રીટી (CNBT) પર પણ હસ્તાક્ષર કર્યા નથી.

1. ગ્લોબલ કલાયમેટ રિસ્ક ઈન્ડેક્સ 2021 અનુસાર ભારત કેટલામાં ક્રમાંકે રહયું છે ?
(A) પાંચમા (B) છઠ્ઠા (C) સાતમા (D) આઠમા (C)

2. ગ્લોબલ કલાયમેટ રિસ્ક ઈન્ડેક્સ 2021એ વાર્ષિક ગ્લોબલ કલાયમેટ રિસ્ક ઈન્ડેક્સની કેટલામી આવૃત્તિ છે ?
(A) 15 (B) 16 (C) 17 (D) 18 (B)

3. ગ્લોબલ કલાયમેટ રિસ્ક ઈન્ડેક્સ 2021 અનુસાર કયો દેશ પ્રથમ ક્રમાંકે રહયો છે ?
(A) મોઝામ્બિક (B) માલદીવ (C) મ્યાનમાર (D) ઝિમ્બાબ્વે (A)

4. ગ્લોબલ કલાયમેટ રિસ્ક ઈન્ડેક્સ અનુસાર વર્ષ 2000-2019 સુધીમાં સૌથી વધુ અસરગ્રસ્ત દસ દેશોની યાદીમાં કયો દેશ પ્રથમ ક્રમાંકે રહયો છે ?
(A) પ્યુર્ટો રિકા (B) મ્યાનમાર (C) ઝિમ્બાબ્વે (D) નોર્વે (A)

5. ગ્લોબલ કલાયમેટ રિસ્ક ઈન્ડેક્સ જાહેર કરનાર જર્મનવોચ એ જર્મનીના કયા શહેરમાં સ્થિત થિંક ટેન્ક છે ?
(A) મ્યુનિચ (B) બર્લિન (C) હેમ્બર્ગ (D) બોન (D)

6. 'ઓપરેશન સર્દ હવા' તાજેતરમાં કોના દ્વારા શરૂ કરવામાં આવ્યું હતું ?
(A) CRPF (B) BSF (C) ITBP (D) CISF (B)

7. 'ઓપરેશન સર્દ હવા' તાજેતરમાં BSF દ્વારા કયા રાજ્યમાં શરૂ કરવામાં આવ્યું હતું ?
(A) પંજાબ (B) સિક્કિમ (C) રાજસ્થાન (D) અરૂણાચલ પ્રદેશ (C)

8. બોર્ડર સિક્યુરિટી ફોર્સ (BSF) કયા મંત્રાલય અંતર્ગત કાર્યરત છે ?
(A) ગૃહમંત્રાલય (B) સંરક્ષણ મંત્રાલય
(C) વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલય (D) રેલવે મંત્રાલય (A)

9. પરમાણુ શસ્ત્રોના પ્રતિબંધ અંગેની સંધિ વિશે સાચુ વિધાન/વિધાનો જણાવો ?
1. આ સંધિ વર્ષ 2017માં સ્વીકારવામાં આવી હતી.
2. આ સંધિ 22 જાન્યુઆરી, 2021ના રોજ અમલમાં આવી છે.
3. ભારત આ સંધિને સમર્થન કરી રહયો છે.
(A) 1, 2 (B) 2, 3 (C) 1, 2, 3 (D) 3, 1 (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 28 જાન્યુઆરી, ડેટા ગોપનીયતા દિવસ (Data Privacy Day)

## DRDOએ આકાશ-NG મિસાઈલનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું




સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠને (DRDO) તાજેતરમાં ઓડિશાના દરિયાકાંઠેથી આકાશ-NG (ન્યૂ જનરેશન) મિસાઈલનું સફળતાપૂર્વક પરીક્ષણ હાથ ધર્યું છે.

- આ મિસાઈલ પ્રણાલી હવાઈ જોખમોને અટકાવવા તથા ઓછા કરવામાં સક્ષમ છે. તેમજ આ મિસાઈલ ભારતીય વાયુસેનાની સંરક્ષણ પ્રણાલીને વધુ મજબૂત કરશે.

### આકાશ-NG (ન્યૂ જનરેશન) વિશે

આકાશ-NGએ એક **મધ્યમ અંતરની સપાટીથી હવામાં ખૂબ જ ગતિથી પ્રહાર** કરી શકતી સંરક્ષણ પ્રણાલી છે.

- તેનો વિકાસ **સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન (DRDO)** દ્વારા કરવામાં આવ્યો છે.
- **DRDO** તથા **ભારત ડાયનામિક્સ લિમિટેડ (BDL)** દ્વારા સંયુક્ત રીતે આ મિસાઈલની સિસ્ટમ વિકસાવવામાં આવી છે. જ્યારે ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ (BEL), ટાટા પાવર સ્ટ્રેટેજિક એન્જિનિયરિંગ ડિવિઝન અને લાર્સન & ટૂબ્રોએ આ મિસાઈલ સિસ્ટમ માટે રડાર, કંટ્રોલ સિસ્ટમ અને લોન્ચર સિસ્ટમ વિકસાવી છે.
- આ મિસાઈલ **18,000 મીટરની ઊંચાઈએથી 50-60 કિ.મી. દૂર રહેલા વિમાનને પણ લક્ષ્ય બનાવવાની ક્ષમતા** ધરાવે છે.
- આ મિસાઈલ લડાકુ વિમાનો, ક્રુઝ મિસાઈલો અને હવાથી સપાટી સુધી મારક ક્ષમતા ધરાવતી મિસાઈલો જેવા હવાઈ લક્ષ્યોને બેઅસર કરી શકે છે.
- **ભારતીય સેના** અને **ભારતીય વાયુસેના** હેઠળ આ મિસાઈલ સેવારત છે.
- તે **એકીકૃત રેમજેટ રોકેટ પ્રપલ્શન સિસ્ટમ**નો ઉપયોગ કરે છે.
- ડિસેમ્બર, 2020માં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં મળેલી સંરક્ષણ અંગેની કેબિનેટ કમિટીએ આકાશ મિસાઈલ સંરક્ષણ પ્રણાલીના નિકાસને મંજૂરી આપી હતી.
- તેના અંતર્ગત ફિલીપીન્સ, મલેશિયા, થાઈલેન્ડ, બેલારુસ, યુ.એ.ઈ. અને વિયેતનામ સહિતના ઘણા દેશોએ આકાશ મિસાઈલ સિસ્ટમમાં પોતાનો રસ દાખવ્યો છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## આકાશ-NGની વિશેષતા

આકાશ મિસાઈલની બેટરીમાં એક રાજેન્દ્ર 3D Passive Electronically Scanned Array (PESA) રડાર અથવા સિમ્પલ રાજેન્દ્ર રડાર અને ત્રણ મિસાઈલો સાથે ચાર લોન્ચરનો સમાવેશ થાય છે.

- દરેક બેટરીની મદદથી 64 જેટલા લક્ષ્યોને ટ્રેક કરી શકાય છે અને તેનો ઉપયોગ 12 જેટલા હુમલાઓ કરવા માટે થઈ શકે છે.
- આ મિસાઈલ વાહનોના કાફલાની સુરક્ષા કરવામાં સક્ષમ છે.
- તે 2,000 કિ.મી.ના ક્ષેત્ર માટે હવાઈ સંરક્ષણ પૂરું પાડે છે.

## Passive Electronically Scanned Array (PESA) વિશે

PESAને **'Passive Phased array'** તરીકે પણ ઓળખવામાં આવે છે.

- PESA એ એન્ટેના છે જેમાં રેડિયો તરંગોના બીમને ઈલેક્ટ્રોનિક રીતે જુદી જુદી દિશામાં નિર્દેશિત કરી શકાય છે.
- રડારમાં PESAનો ઉપયોગ બહોળા પ્રમાણમાં થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# કેન્દ્ર સરકાર દ્વારા જૂના વાહનો પર 'ગ્રીન ટેક્સ' વસૂલવામાં આવશે.



**કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રાલયે** તાજેતરમાં **જૂના વાહનો પર વધારાનો ટેક્સ વસૂલવાનો** નિર્ણય કર્યો છે. આ વધારાના ટેક્સને **'ગ્રીન ટેક્સ'** તરીકે ઓળખવામાં આવી રહ્યો છે.

- એક નવી પહેલ અંતર્ગત કેન્દ્રીય પરિવહન અને હાઈવે **મંત્રી શ્રી નીતિન ગડકરીએ 8 વર્ષ જૂના વાહનો ઉપર ગ્રીન ટેક્સ વસૂલવા** માટે મંજૂરી આપી દીધી છે.
- પ્રદૂષણને કાબૂમાં લેવા આ નિર્ણય લેવામાં આવ્યો છે.
- ગ્રીન ટેક્સ લોકોને પર્યાવરણને અનુકૂળ વાહનોના વિકલ્પો તરફ જવા માટે પ્રેરણા પણ આપશે.

## મુખ્ય મુદ્દો

ગ્રીન ટેક્સ પ્રદૂષણનું સ્તર ઘટાડવામાં મદદરૂપ થશે.

- ગ્રીન ટેક્સથી વસૂલવામાં આવેલી આવક અલગ ખાતામાં રાખવામાં આવશે. પ્રદૂષણની સમસ્યાનો સામનો કરવા માટે આ રકમનો ઉપયોગ કરવામાં આવશે.
- રાજ્યોને પણ ઉત્સર્જન પર નજર રાખવા માટે અત્યાધુનિક સુવિધાઓ સ્થાપવા અંગે સૂચવવામાં આવ્યું છે.

## વાહનો પર કેવી રીતે ટેક્સ લાગશે ?

ગ્રીન ટેક્સ માપદંડો હેઠળ **8 વર્ષથી વધુ જૂના વાહનોના** ફીટનેસ સર્ટિફિકેટ નવીકરણ સમયે ગ્રીન ટેક્સ વસૂલવામાં આવશે. તે **માર્ગવેરાના 10%થી 25%** ભરવો પડશે.

- જ્યારે, સિટી બસો જેવા જાહેર પરિવહન વાહનોએ ગ્રીન ટેક્સ ઓછો ભરવો પડશે.
- જો કે, ખેતીમાં ઉપયોગમાં લેવામાં આવતા ટ્રેક્ટર અને લણણીના સાધનો વગેરેને આ કરમાંથી મુક્તિ મળશે.

## ગ્રીન ટેક્સ એટલે શું ?

ગ્રીન ટેક્સને **'પ્રદૂષણ કર'** અથવા **'પર્યાવરણ કર'** તરીકે પણ ઓળખવામાં આવે છે.

- પ્રદૂષણ ઉત્પન્ન કરનારી વસ્તુઓ પર લગાવવામાં આવતી તે એક એકસાઈઝ ડ્યુટી છે.
- આ કર લોકોની વર્તણૂકીય બદલાવને પ્રોત્સાહિત કરશે જે પ્રદૂષણ ઘટાડવા માટે જરૂરી છે.




## સુભાષચંદ્ર બોઝ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એવોર્ડ 2021




23 જાન્યુઆરી, 2021ના રોજ શ્રી સુભાષચંદ્ર બોઝની જન્મજયંતિ નિમિત્તે વર્ષ 2021ના 'સુભાષચંદ્ર બોઝ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એવોર્ડ'ની જાહેરાત કરવામાં આવી છે.

- આ અંતર્ગત વર્ષ 2021માં <u>સંસ્થાઓ</u> માટેનો આ એવોર્ડ <u>સસ્ટેનેબલ એન્વાયર્નમેન્ટ એન્ડ ઈકોલોજીકલ ડેવલપમેન્ટ સોસાયટી (SEEDS), નવી દિલ્હી</u>ને એનાયત થયો છે.
- જ્યારે વ્યક્તિગત કેટેગરીમાં <u>શ્રી રાજેન્દ્ર કુમાર ભંડારી</u>ને આ પુરસ્કાર એનાયત થયો છે.
- શ્રી રાજેન્દ્ર કુમાર ભંડારીએ જમીનના જોખમો પર વૈજ્ઞાનિક અધ્યનનો પાયો નાખ્યો છે અને SEEDS એ આપત્તિ સજ્જતા, પ્રતિભાવ અને પુનર્વસન માટે કામ કર્યું છે.

### સુભાષચંદ્ર બોઝ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એવોર્ડ વિશે

ભારતમાં <u>વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી</u>ની પ્રેરણાથી <u>વર્ષ 2019</u>થી આ એવોર્ડનો પ્રારંભ થયો છે.

- <u>ડિઝાસ્ટર મેનેજમેન્ટ</u> અંગેની <u>વિશિષ્ટ કામગીરી</u> બદલ <u>ભારતીય નાગરિક</u> અથવા તો <u>સંસ્થાને દર વર્ષે</u> આ એવોર્ડ એનાયત થાય છે.
- ભારતમાં શ્રી સુભાષચંદ્ર બોઝની જન્મજયંતિ નિમિત્તે દર વર્ષે <u>23 જાન્યુઆરી</u>ના રોજ આ એવોર્ડ વિજેતાઓની જાહેરાત કરવામાં આવે છે.
- આ એવોર્ડ <u>'સુભાષચંદ્ર બોઝ ડિજાસ્ટર મેનેજમેન્ટ એવોર્ડ'</u> અથવા તો <u>'સુભાષચંદ્ર બોઝ આપત્તિ વ્યવસ્થાપન એવોર્ડ'</u> તરીકે ઓળખાય છે.
- આ એવોર્ડ અંતર્ગત <u>સંસ્થાની કેટેગરી</u>માં વિજેતા સંસ્થાને <u>રૂ. 51 લાખ રોકડ</u> ધનરાશી અને <u>એક પ્રમાણપત્ર</u> આપવામાં આવે છે.
- જ્યારે <u>વ્યક્તિગત કેટેગરી</u>માં વિજેતા વ્યક્તિને <u>રૂ. 5 લાખ</u> રોકડા અને <u>એક પ્રમાણપત્ર</u> આપવામાં આવે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. 'ડેટા ગોપનીયતા દિવસ (Data Privacy Day)'ની ઉજવણી કયારે કરવામાં આવે છે ?
(A) 27 જાન્યુઆરી (B) 28 જાન્યુઆરી (C) 26 જાન્યુઆરી (D) 25 જાન્યુઆરી (B)

2. DRDOએ તાજેતરમાં કયા રાજ્યના દરિયાકાંઠેથી આકાશ-NG (ન્યૂ જનરેશન) મિસાઈલનું સફળતાપૂર્વક પરીક્ષણ હાથ ધર્યું છે ?
(A) કેરલ (B) પશ્ચિમ બંગાળ (C) ઓડિશા (D) આંધ્રપ્રદેશ (C)

3. આકાશ-NG (ન્યૂ જનરેશન) મિસાઈલ વિશે સાચું વિધાન/વિધાનો જણાવો ?
1. તે એક મધ્યમ અંતરની સપાટીથી હવામાં ખૂબ જ ગતિથી પ્રહાર કરી શકતી સંરક્ષણ પ્રણાલી છે.
2. તેનો વિકાસ DRDO દ્વારા કરવામાં આવ્યો છે.
3. આ મિસાઈલ 18,000 મીટરની ઊંચાઈએથી 50-60 કિ.મી. દૂર રહેલા વિમાનને પણ લક્ષ્ય બનાવી શકે છે.
4. આ મિસાઈલની બેટરીમાં એક રાજેન્દ્ર 3D Passive Electronically Scanned Array (PESA)નો સમાવેશ થાય છે.
(A) 1, 2, 3 (B) 2, 3, 4 (C) 2, 3 (D) 1, 2, 3, 4 (D)

4. કેન્દ્રીય પરિવહન અને હાઈવે મંત્રી શ્રી નીતિન ગડકરીએ કેટલા વર્ષ જૂના વાહનો ઉપર ગ્રીન ટેકસ વસૂલવા માટે મંજૂરી આપી છે ?
(A) 5 વર્ષ (B) 6 વર્ષ (C) 8 વર્ષ (D) 3 વર્ષ (C)

5. 'ગ્રીન ટેકસ' વસૂલવા પાછળ કેન્દ્ર સરકારનો ઉદ્દેશ શું છે ?
(A) હરિયાળી ક્રાંતિ લાવવી (B) પ્રદૂષણનું સ્તર ઘટાડવું
(C) આવકમાં વધારો કરવો (D) રસ્તા પર ટ્રાફીક ઘટાડવો (B)

6. ગ્રીન ટેકસ માપદંડો હેઠળ 8 વર્ષથી વધુ જૂના વાહનોને ફીટનેસ સર્ટિફિકેટ નવીકરણ સમયે કેટલો ગ્રીનટેકસ ભરવો પડશે ?
(A) માર્ગવેરાના 10%થી 25% (B) માર્ગવેરાના 12%થી 14%
(C) માર્ગવેરાના 6% થી 10% (D) માર્ગવેરાના 5%થી 15% (A)

7. ભારતના કયા રાજ્ય/કેન્દ્રશાસિતપ્રદેશમાં આવેલા 'સસ્ટેનેબલ એન્વાયર્નમેન્ટ એન્ડ ઈકોલોજીકલ ડેવલપમેન્ટ સોસાયટી (SEEDS)'ને વર્ષ 2021નો 'સુભાષચંદ્ર બોઝ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એવોર્ડ' એનાયત થયો છે ?
(A) ઉત્તરપ્રદેશ (B) ઝારખંડ (C) નવી દિલ્હી (D) ચંદીગઢ (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

8. વર્ષ 2021માં વ્યકિતગત કેટેગરીનો 'સુભાષચંદ્ર બોઝ આપત્તિ વ્યવસ્થાપન એવોર્ડ' કોને એનાયત થયો છે ?
   (A) શ્રી કુલદિપસિંહ ચૌહાણ (B) શ્રી રાજેન્દ્ર કુમાર ભંડારી
   (C) શ્રી ભરતભાઈ ભમ્મર (D) શ્રી દિનેશભાઈ ચૌધરી
   (B)

9. 'સુભાષચંદ્ર બોઝ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એવોર્ડ'ના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચાં છે ?
   1. વર્ષ 2019થી દર વર્ષે 23 જાન્યુઆરીના રોજ આ એવોર્ડ વિજેતાની જાહેરાત થાય છે.
   2. ડિઝાસ્ટર મેનેજમેન્ટમાં વિશિષ્ટ કામગીરી બદલ ભારતના કોઈપણ નાગરિક કે સંસ્થાને આ પુરસ્કાર એનાયત થાય છે.
   3. આ એવોર્ડ અંતર્ગત વિજેતા વ્યકિતને રૂ. 10 લાખ રોકડા અને એક પ્રમાણપત્ર આપવામાં આવે છે.
   4. આ એવોર્ડ અંતર્ગત વિજેતા સંસ્થાને રૂ. 51 લાખ રોકડા અને એક પ્રમાણપત્ર આપવામાં આવે છે.
   (A) 1, 2, 3, 4 (B) 1, 2, 3 (C) 1, 3, 4 (D) 1, 2, 4
   (D)



## કરપ્શન પર્સેપ્શન ઈન્ડેકસ, 2020માં ભારત 86મા ક્રમાંકે

ટ્રાન્સપરન્સી ઈન્ટરનેશનલ દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ કરાયેલા વિશ્વનાં 180 દેશોનાં કરપ્શન પર્સેપ્શન ઈન્ડેકસ 2020 (CPI 2020)માં અન્ય દેશોની સરખામણીમાં ભ્રષ્ટાચારને મામલે ભારત 86મા ક્રમાંકે રહ્યું છે.

- આ અગાઉ વર્ષ 2019ના આ ઈન્ડકેસમાં ભારત 80મા ક્રમે રહ્યું હતું.
- ભ્રષ્ટાચારના મામલે ભારત આ વર્ષે 6 ક્રમ ગબડયું છે.
- વર્ષ 2020 માટે પ્રસિદ્ધ થયેલા આ રિપોર્ટ અનુસાર વિશ્વના 180 દેશોમાંથી સૌથી ઓછો ભ્રષ્ટાચાર ડેન્માર્ક તથા ન્યુઝીલેન્ડમાં છે.
- અને સૌથી વધુ ભ્રષ્ટાચાર સાઉથ સુદાન અને સોમાલિયામાં છે.
- આ ઈન્ડેકસમાં ડેન્માર્ક અને ન્યુઝીલેન્ડ પ્રથમ ક્રમે છે.
- જ્યારે ડેન્માર્ક અને ન્યુઝીલેન્ડ બાદ ફિનલેન્ડ, સિંગાપોર, સ્વિડન અને સ્વિટ્ઝર્લેન્ડ ત્રીજા ક્રમાંકે રહયા છે.
- સોમાલિયા અને સાઉથ સુદાન અંતિમ 179મા ક્રમાંકે છે.
- પડોશી દેશો પાકિસ્તાન 124મા ક્રમે, બાંગ્લાદેશ 146મા ક્રમે અને ચીન 78મા ક્રમાંકે રહયું છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**Corruption Perceptions Index 2020 Rank**

| ક્રમ | દેશ/દેશો | અંક (100માંથી) |
|---|---|---|
| 1 | ડેન્માર્ક | 88 |
| 1 | ન્યુઝીલેન્ડ | 88 |
| 3 | ફિનલેન્ડ, સિંગાપોર, સ્વિડન, સ્વિટ્ઝર્લેન્ડ | 85 |
| 78 | ચીન | 42 |
| 86 | ભારત, મોરક્કો, તિમોર લેસ્ટે, તુર્કી ત્રિનિદાદ અને ટોબાગો | 40 |
| 124 | પાકિસ્તાન | 31 |
| 146 | બાંગ્લાદેશ | 26 |
| 179 | સોમાલિયા, સાઉથ સુદાન | 179 |

**ICE FACT :**

(1) કરપ્શન પર્સેપ્શન ઈન્ડેક્સએ વાર્ષિક ધોરણે બર્લિન બેઝ્ડ ટ્રાન્સપરન્સી ઈન્ટરનેશનલ દ્વારા વર્ષ 1995થી પ્રકાશિત કરવામાં આવે છે.

## ‘ઉદ્યોગ સહાયક એન્ટરપ્રાઇઝિસ નેટવર્ક’ પર ડ્રાફ્ટ નીતિ

ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (FICCI), ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઓફ સોશિયલ સાયન્સિસ (TISS) અને અઝીમ પ્રેમજી યુનિવર્સિટી દ્વારા ઉદ્યોગ સહાયક એન્ટરપ્રાઈઝિસ નેટવર્ક (USENET) ફ્રેમવર્ક ડ્રાફ્ટ નીતિને રજૂ કરવામાં આવી છે.

### USENET ફ્રેમવર્ક પોલિસી વિશે

ઉદ્યોગ સહાયક એન્ટરપ્રાઈઝિસ નેટવર્ક (USENET) ફ્રેમવર્ક અંતર્ગત એ બાબત પર ભાર મૂકવામાં આવ્યો છે કે ભારતમાં વધુ નેનો ઉદ્યમીઓ તૈયાર કરવા કરતાં વર્તમાનના માઈક્રો સ્મોલ એન્ટરપ્રાઈઝિસ (MSEs))ના વિકાસ પર વધુ ભારત આપવો જોઈએ.

- આ ફ્રેમવર્ક 62 મિલિયનથી વધુ નેનો અને માઈક્રો એન્ટરપ્રાઈઝને ગ્રોથ આધારિત સેવાઓ પૂરી પાડવાના હેતુથી બનાવવામાં આવ્યું છે.
- આવા નેનો અને માઈક્રો એન્ટરપ્રાઈઝિસ ભારતમાં 10 મિલિયનથી વધુ લોકોને રોજગારી આપે છે.
- આ ડ્રાફ્ટ ફ્રેમવર્કનો હેતુ દેશવ્યાપી ઉદ્યોગસાહસિક નેટવર્ક વિકસિત કરવાનો છે.

### ફ્રેમવર્કનો હેતુ

વૃદ્ધિના પડકારોનો સામનો કરી રહેલા નેનો અને માઈક્રો એન્ટરપ્રાઈઝને નીતિઓ, સરકારી યોજનાઓ, ધિરાણ વિકલ્પો અને ધીરનાર વગેરે અંગે માહિતી પ્રદાન કરવાના હેતુ સાથે આ માળખું તૈયાર કરવામાં આવ્યું છે.

- તેના અંતર્ગત એક સપોર્ટ સિસ્ટમ વિકસાવવામાં આવશે જે સાહસોને નવી તકનીકીઓ અપનાવવા અને ઉત્પાદકતામાં વધારો કરવામાં મદદ કરશે.

### ફ્રેમવર્કનું મહત્ત્વ

ડ્રાફ્ટ પોલિસી અંતર્ગત અર્થતંત્રના અનૌપચારિક ક્ષેત્રમાં વૃદ્ધિના પડકારોનો સામનો કરી રહેલા નેનો અને સૂક્ષ્મ ઉદ્યોગોને મોટું ઉત્તેજન મળશે.

- આ ફ્રેમવર્ક અંતર્ગત નાના અને સૂક્ષ્મ ઉદ્યોગોને ઉત્તેજન આપીને પાંચ વર્ષમાં 10.3 મિલિયન નોકરીઓનું સર્જન કરવામાં મદદ મળશે.

## મહારાષ્ટ્ર રાજ્ય દ્વારા ''જેલ ટૂરિઝમ' શરૂ કરવામાં આવ્યું

26 જાન્યુઆરી, 2021ના રોજ **મહારાષ્ટ્ર રાજ્ય સરકારે પૂણેની યરવડા જેલમાંથી 'જેલ ટૂરિઝમ'**ની શરૂઆત કરી હતી.

- લોકોને રાજ્યની ઐતિહાસિક જેલોની મુલાકાત માટેની સુવિધા મળે તે હેતુથી આ પહેલ મહારાષ્ટ્ર રાજ્ય દ્વારા કરવામાં આવી છે.
- બ્રિટિશ શાસનકાળ દરમિયાન વિવિધ સ્વાતંત્ર્ય સેનાનીઓ જેવા કે શ્રી મહાત્મા ગાંધીજી, શ્રી મોતીલાલ નેહરૂ, શ્રી લોકમાન્ય તિલક, શ્રી પંડિત જવાહરલાલ નેહરૂ, સુશ્રી સરોજિની નાયડુ, શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ અને શ્રી સુભાષચંદ્ર બોઝ જેવા અનેક મહાનુભાવોને આ યરવડાની જેલમાં કેદ કરવામાં આવ્યા હતા.
- આ જેલ વિવિધ સ્વાતંત્ર્ય સેનાનીઓની યાદગીરી સાથે સંકળાયેલ છે.

### યરવડા સેન્ટ્રલ જેલ વિશે

મહારાષ્ટ્રના પુણેની યરવડા સેન્ટ્રલ જેલ એ ઉચ્ચ સુરક્ષા ધરાવતી જેલ છે.

- તે **મહારાષ્ટ્ર રાજ્યની સૌથી મોટી જેલ** છે. ઉપરાંત તે દક્ષિણ એશિયાની મોટી જેલો પૈકીની એક છે.
- તેમાં 5,000 કરતાં વધુ કેદીઓ રાખવાની ક્ષમતા છે.
- આ જેલ બ્રિટિશરો દ્વારા **વર્ષ 1871**માં બનાવવામાં આવી હતી.
- આ જેલ ચાર ઊંચી દિવાલોથી સુરક્ષિત કરવામાં આવી છે અને તેને વિભિન્ન સુરક્ષા ક્ષેત્રો અને બેરેકમાં વિભાજીત કરવામાં આવેલ છે.
- તેમાં હાઈસિક્યુટીરીવાળા કેદીઓ માટે ઈંડા આકારના કોષોનો પણ સમાવેશ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## સુંદરવન બાયોસ્ફિયર રિઝર્વમાં વિવિધ 428 પક્ષીઓની પ્રજાતિઓનો વસવાટ

ઝૂઓલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયા (ZSI)એ તાજેતરમાં 'Birds of the Sundarban Biosphere Reserve' અંગે એક અહેવાલ પ્રકાશિત કર્યો છે.

- આ અહેવાલ અંતર્ગત એ જાણવા મળ્યું હતું કે સુંદરવન બાયોસ્ફિયર રિઝર્વ વિવિધ 428 પક્ષીઓની પ્રજાતિઓનું ઘર છે.

## અહેવાલના મુખ્ય તારણો

આ અહેવાલમાં સુંદરવનમાં વસાવટ કરતાં વિવિધ પક્ષીઓનું વર્ણન, તેના વિસ્તાર અંગેની માહિતી અને તેની વિશેષતા અંગે વિસ્તૃત જાણકારી આપવામાં આવી છે.

- ભારતીય સુંદરવન વિશ્વના સૌથી મોટા મેન્ગ્રોવ જંગલોનો ભાગ છે અને તેમાં પક્ષીઓની 428 પ્રજાતિઓ છે. આનો અર્થ એ થયો કે દેશમાં જોવા મળતા દર ત્રણમાંથી એક પક્ષી આ અનોખા ઈકોસિસ્ટમમાં જોવા મળે છે.
- કેટલાક પક્ષીઓ જેમકે, **માસ્કડ ફિનફૂટ** અને **બફી ફીશ આઉલ** **ફક્ત સુંદરવનમાં** જ જોવા મળે છે.
- દેશમાં જોવા મળતી કિંગફિશરની 12 પ્રજાતિઓમાંથી 9 આ પ્રદેશમાં જોવા મળે છે, તેમજ ગોલિયાથ બગલા અને ચમચી જેવી ચાંચ ધરાવતી ટીટોડી જેવી દુર્લભ પ્રજાતિઓ પણ જોવા મળે છે.

## ભારતીય સુંદરવન વિશે

ભારતીય સુંદરવનએ **ગંગા, બ્રહ્મપુત્રા** અને **મેઘના નદીઓ** દ્વારા **બંગાળની ખાડી** વિસ્તારમાં રચાયેલ **ડેલ્ટામાં** આવેલો મેન્ગ્રોવ વિસ્તાર છે.

- તે **પશ્ચિમ બંગાળની હુગલી નદીથી** લઈને **બાંગ્લાદેશમાં બલેશ્વર નદી** સુધીના લગભગ 10,000 કિ.મી.ના ક્ષેત્રને આવરે છે.
- તેમાં બંધ અને ખુલ્લા મેન્ગ્રોવ જંગલોનો સમાવેશ થાય છે.
- સુંદરવન એ ભારતનું **27મું રામસર સ્થળ** છે. ઉપરાંત તે **UNESCOની વર્લ્ડ હેરિટેજ સાઈટ** પણ છે.
- સુંદરવન એ **'રોયલ બેંગાલ ટાઈગર'**નું ઘર છે.

## સુંદરવનની વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિ

**સુંદરી વૃક્ષ** અને **ગેવાના વૃક્ષો સુંદરવન**માં વધુ પ્રમાણમાં જોવા મળે છે.

- તેમજ સુંદરવનમાં પક્ષીઓની 428 પ્રજાતિઓ, માછલીઓની 120 જાતિઓ, સસ્તન પ્રાણીઓની 42 જાતિઓ, સરીસૃપોની 35 જાતિઓ અને 8 ઉભયજીવી પ્રજાતિઓ પણ જોવા મળે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. ટ્રાન્સપરન્સી ઈન્ટરનેશનલ દ્વારા પ્રસિદ્ધ કરાયેલા 'કરપ્શન પર્સેપ્શન ઈન્ડેકસ 2020'માં ભારત કયા ક્રમે છે ?

(A) 80મા (B) 82મા (C) 86મા (D) 90મા **(C)**

2. 'કરપ્શન પર્સેપ્શન ઈન્ડેકસ 2020'માં પ્રથમ ક્રમે કયો દેશ છે ?

(A) ડેન્માર્ક, નેધરલેન્ડ (B) ડેન્માર્ક, ન્યુઝીલેન્ડ
(C) ડેન્માર્ક, ન્યુઝીલેન્ડ (D) ડેન્માર્ક, ફિનલેન્ડ **(C)**

3. 'કરપ્શન પર્સેપ્શન ઈન્ડેકસ 2020'માં અંતિમ 179મા ક્રમે કયા દેશો છે ?

(A) સોમાલિયા, સાઉથ સુદાન (B) સોમાલિયા, ઈથોપિયા
(C) સીરિયા, દક્ષિણ કોરિયા (D) દક્ષિણ કોરિયા, સોમાલિયા **(A)**

4. 'ઉદ્યોગ સહાયક એન્ટરપ્રાઈઝિસ નેટવર્ક (USENET) પર ડ્રાફ્ટ નીતિ કઈ સંસ્થા દ્વારા રજૂ કરવામાં આવી છે ?

(A) FICCI (B) TISS
(C) અઝીમ પ્રેમજી યુનિવર્સિટી (D) ઉપરોક્ત ત્રણેય **(D)**

5. મહારાષ્ટ્ર રાજ્ય દ્વારા કઈ જેલમાંથી 'જેલ ટૂરિઝમ' શરૂ કરવામાં આવ્યું છે ?

(A) આર્થર રોડ જેલ (B) હર્સુલ સેન્ટ્રલ જેલ
(C) યરવડા સેન્ટ્રલ જેલ (D) થાણે સેન્ટ્રલ જેલ **(C)**

6. તાજેતરમાં સુંદરવન બાયોસ્ફિયર રિઝર્વ અંગે પ્રકાશિત કરવામાં આવેલા અહેવાલ અનુસાર આ રિઝર્વમાં કુલ કેટલી પક્ષીઓની પ્રજાતિઓ વસવાટ કરે છે ?

(A) 528 (B) 428 (C) 728 (D) 328 **(B)**

7. ભારતીય સુંદરવન એ કઈ નદીઓ વચ્ચેના ડેલ્ટાપ્રદેશમાં સ્થિત છે ?

1. ગંગા 2. બ્રહ્મપુત્રા 3. મેઘના 4. યમુના

(A) 1, 2, 3 (B) 2, 3, 4 (C) 1, 2, 3, 4 (D) 1, 3, 4 **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 30 જાન્યુઆરી, (1) શહીદ દિન (મહાત્મા ગાંધી પુણ્યતિથિ)
## (2) રાષ્ટ્રીય કુષ્ઠરોગ નિવારણ દિન

### રાષ્ટ્રીય કુષ્ઠરોગ નિવારણ દિન

ભારતમાં દર વર્ષે 30 જાન્યુઆરીના રોજ 'રાષ્ટ્રીય કુષ્ઠરોગ નિવારણ દિવસ' (રક્તપિત્ત નિવારણ દિવસ) તરીકે ઉજવવામાં આવે છે.

- વર્ષ 1955માં કેન્દ્ર સરકારે રાષ્ટ્રીય રક્તપિત્ત નિયંત્રણ કાર્યક્રમ શરૂ કર્યો હતો. જેને વર્ષ 1982માં 'રાષ્ટ્રીય રક્તપિત્ત નાબૂદી કાર્યક્રમ' નામ આપવામાં આવ્યું હતું.
- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદેશ ભારતમાંથી રક્તપિત્ત નાબૂદ કરવાનો છે.

### રક્તપિત્ત વિશે

રક્તપિત્તએ એક ચેપી રોગ છે જે મુખ્યત્વે માઈક્રોબેક્ટેરિયમ લીપ્રાય (Mycobacterium leprae) દ્વારા થાય છે.

- રોગના લક્ષણો ચેપ પછી સરેરાશ પાંચ વર્ષના લાંબા ગાળા પછી જોવા મળે છે. કારણ કે માઈક્રોબેક્ટેરિયમ લીપ્રાય ધીરે ધીરે વધે છે. જે મુખ્યત્વે માનવ ત્વચા, શ્વસન, આંખો અને શરીરના કેટલાક અન્ય ભાગોને અસર કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભારતીય સશસ્ત્ર દળોએ અંદમાન અને નિકોબાર ખાતે 'AMPHEX-21' નામની ત્રિપક્ષીય કવાયત હાથ ધરી

21થી 25 જાન્યુઆરી, 2021 દરમિયાન ભારતીય સશસ્ત્રદળોએ અંદમાન અને નિકોબાર ટાપુઓના જૂથોમાં ત્રિપક્ષીય કવાયત 'AMPHEX-21'નું આયોજન કર્યું હતું.

- આ કવાયતમાં નૌકા જહાજો, એરફોર્સના એરક્રાફ્ટો અને આર્મીના સૈનિકોએ ભાગ લીધો હતો.
- ટાપુ પ્રદેશોની પ્રાદેશિક અખંડિતતાની સુરક્ષા માટે આ કવાયત હાથ ધરવામાં આવી હતી.
- આ કવાયતનો હેતુ ત્રણેય સેવાઓ વચ્ચે ઓપરેશનલ સુમેળ અને સંયુક્ત યુદ્ધ લડવાની ક્ષમતાને વધારવાનો હતો.
- અંદમાન અને નિકોબાર ટાપુની રક્ષા માટે 'અભ્યાસ કવચ' પણ AMPHEX-21નો જ એક ભાગ હતો.

# સ્પેસએક્સએ ફાલ્કન 9 રોકેટની મદદથી રેકોર્ડ 143 સેટેલાઈટ લોન્ચ કર્યા

**એલન મસ્કની કંપની સ્પેસએક્સએ** તાજેતરમાં **ફાલ્કન 9 રોકેટ**ની મદદથી **રેકોર્ડ 143 સેટેલાઈટ લોન્ચ** કર્યા છે.

- આ નવા લોન્ચિંગ સાથે સ્પેસએક્સે **ભારતીય અવકાશ સંશોધન સંગઠન (ISRO)**નો અગાઉનો રેકોર્ડ તોડયો છે.
- ISROએ અગાઉ **ફેબ્રુઆરી 2017**માં એક જ પ્રક્ષેપણ દ્વારા **104 સેટેલાઈટો**ને લોન્ચ કર્યા હતા.
- સ્પેસએક્સ દ્વારા સેટેલાઈટ પ્રક્ષેપણ માટે ફાલ્કન 9 રોકેટનો ઉપયોગ કરવામાં આવ્યો છે અને આ મિશનને **'ટ્રાંસપોર્ટર-1'**ના રૂપમાં નામિત કર્યું છે.

## લોન્ચ કરવામાં આવેલ વિવિધ સેટેલાઈટો

સ્પેસએક્સ દ્વારા **143 સેટેલાઈટો** લોન્ચ કરવામાં આવ્યા તેમાં **ક્યુબસેટ્સ, માઈક્રોસેટ્સ** અને **10 સ્ટારલિંક સેટેલાઈટો** જેવા **વાણિજ્યિક** અને **સરકારી સેટેલાઈટો**નો સમાવેશ થાય છે.

- તેની સાથે નાસાનું સ્પેસક્રાફ્ટ પણ લોન્ચ કરવામાં આવ્યું હતું.

## આ લોન્ચિંગનો હેતુ

વર્ષ 2021ના અંત સુધીમાં સમગ્ર વિશ્વમાં બ્રોડબેન્ડ ઈન્ટરનેટ કવરેજ પ્રદાન કરવાના ઉદ્દેશથી સ્પેસએક્સ દ્વારા આ 143 સેટેલાઈટોને લોન્ચ કરવામાં આવ્યા હતા.

## સ્પેસ એક્સપ્લોરેશન ટેક્નોલોજી કોર્પોરેશન (સ્પેસએક્સ) વિશે

સ્પેસએક્સની સ્થાપના **વર્ષ 2002**માં **શ્રી એલન મસ્ક** દ્વારા કરવામાં આવી હતી.

- તે એક **અમેરિકન એરોસ્પેસ ઉત્પાદક** અને **અવકાશ પરિવહન સેવા કંપની** છે.
- તેનું **મુખ્યમથક અમેરિકાના કેલિફોર્નિયા** ખાતે આવેલું છે.
- તે ફરીથી વાપરી શકાય તેવા રોકેટ્સ અને અવકાશયાત્રી કેપ્સ્યુલ્સ માટે જાણીતું છે.

## ફાલ્કન 9 રોકેટ વિશે

ફાલ્કન 9 રોકેટ ફરીથી વાપરી શકાય તેવું રોકેટ છે.

- તેનું નિર્માણ **સ્પેસએક્સ** દ્વારા કરવામાં આવ્યું છે.
- તે બળતણ તરીકે **ક્રાયોજેનિક લિક્વિડ ઓક્સિજન** અને **રોકેટ ગ્રેડ કેરોસીન (RP-1)**નો ઉપયોગ કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. ભારતમાં 'શહીદ દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 28 જાન્યુઆરી (B) 30 જાન્યુઆરી (C) 31 જાન્યુઆરી (D) 1 ફેબ્રુઆરી (B)

2. ભારતમાં કોની પુણ્યતિથિ 'શહીદદીન' તરીકે ઉજવાય છે ?

(A) મહાત્મા ગાંધીજી (B) શહીદ ભગતસિંહ

(C) શ્રી સુભાષચંદ્ર બોઝ (D) શ્રી લાલા લજપતરાય (A)

3. ભારતમાં 'રાષ્ટ્રીય કુષ્ઠરોગ નિવારણ દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 29 જાન્યુઆરી (B) 30 જાન્યુઆરી (C) 31 જાન્યુઆરી (D) 1 ફેબ્રુઆરી (B)

4. ભારતીય સશસ્ત્ર દળોએ 'AMPHEX-21' નામની ત્રિપક્ષીય કવાયત કયા હાથ ધરી હતી ?

(A) ઓડિશા (B) રાજસ્થાન

(C) અંદમાન અને નિકોબાર (D) લક્ષદ્વીપ (C)

5. સ્પેસએકસે તાજેતરમાં ફાલ્કન 9 રોકેટની મદદથી કેટલા સેટેલાઈટ્સ લોન્ચ કરી વર્લ્ડ રેકોર્ડ કર્યો છે ?

(A) 130 (B) 104 (C) 105 (D) 143 (D)

6. સ્પેસએકસ દ્વારા તાજેતરમાં લોન્ચ કરવામાં આવેલા 143 સેટેલાઈટ્સના સંદર્ભે સાચાં વિધાન/વિધાનો ચકાસો ?

1. તેના દ્વારા ઈસરોના 104 રોકેટ લોન્ચ કરવાના રેકોર્ડને પાર કરવામાં આવ્યો.
2. આ મિશનને 'ટ્રાંસપોર્ટર 1' નામ આપવામાં આવ્યું હતું.
3. આ મિશન દ્વારા કયુબસેટ્સ, માઈક્રોસેટ્સ જેવા સેટેલાઈટ લોન્ચ કરવામાં આવ્યા છે.
4. ફાલ્કન 9 રોકેટમાં બળતણ તરીકે ક્રાયોજેનિક લિકિવડ ઓકિસજન અને રોકેટ ગ્રેડ કેરોસીનનો ઉપયોગ કરવામાં આવે છે.

(A) 1, 2, 3, 4 (B) 2, 3, 4 (C) 2, 3 (D) 1, 2, 4 (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ગુજરાત

### ➤ ગુજરાત ચૂંટણી આયોગને શ્રેષ્ઠ રાજ્ય ચૂંટણી આયોગનો એવોર્ડ

બેંગાલુરુની જનાગ્રહ સંસ્થા દ્વારા તાજેતરમાં કેન્દ્રીય ગૃહ અને શહેરી બાબતના રાજ્યમંત્રી શ્રી હરદીપસિંહ પુરીના અધ્યક્ષસ્થાને એક વર્ચ્યુઅલ પુરસ્કાર સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગને શ્રેષ્ઠ રાજ્ય ચૂંટણી આયોગ તરીકેનો પુરસ્કાર આપી સન્માન કરવામાં આવ્યું હતું અને ઉલ્લેખનીય છે કે ગુજરાત ચૂંટણી આયોગે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં મતદારો માટે સુવિધામાં વધારો કરી ચૂંટણી પ્રક્રિયાને વધુ પારદર્શક બનાવવા અદ્યતન ટેક્નોલોજીનો ઉપયોગ કરી ઈ–વોટિંગની શરૂઆત કરી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ➤ અમદાવાદ રેલવે સ્ટેશન પર દેશની પ્રથમ 'ડોર ટુ ડોર' લગેજ પાર્સલ સેવા શરૂ કરવામાં આવી

અમદાવાદ રેલવે સ્ટેશન પર ભારતીય રેલવેની પ્રથમ 'ડોર ટુ ડોર' લગેજ પાર્સલ સેવા શરૂ કરવામાં આવી છે. આની મદદથી ટ્રેનમાં મુસાફરી કરતાં લોકોએ સામાન સાથે લઈને જવુ નહી પડે, ઘરે બેઠા બેઠા સામાન સ્ટેશન સુધી પહોંચાડી શકાય તેવી વ્યવસ્થા રેલવે દ્વારા ઊભી કરવામાં આવી છે. આ સુવિધાની મદદથી મુસાફરો મોબાઈલ એપ અથવા તો વેબસાઈટના માધ્યમથી લગેજ બુક કરાવી શકશે.

### ➤ અમદાવાદના શીલજ ખાતે નવી સ્કિલ યુનિવર્સિટી સ્થાપવામાં આવશે

ગુજરાત સરકાર પીપીપી ધોરણે અમદાવાદમાં શીલજ ખાતે નવી સ્કિલ યુનિવર્સિટી સ્થાપશે. શીલજ નજીક કલોલ તાલુકાના નાસમેડ ગામ ખાતે 20 એકરમાં તાતા જૂથ રૂ. 250 કરોડના ખર્ચે મેન્યુફેક્ચરિંગ સેક્ટરની જરૂરિયાત પૂરી કરવા 'તાતા ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ સ્કિલ્સ' સ્થાપી રહયું છે. જ્યારે આ નવી સ્કિલ યુનિવર્સિટી સર્વિસ સેક્ટર માટે ઊભી થશે. સર્વિસ સેક્ટરમાં સ્કિલ ડેવલપમેન્ટ માટે આ નવી યુનિવર્સિટી ડિગ્રી–ડિપ્લોમા અભ્યાસક્રમો ઓફર કરશે. ફાયનાન્સ, હોસ્પિટાલિટી, હોટેલ મેનેજમેન્ટ, ટૂરિઝમ વગેરે સેકટર્સ માટેના અદ્યતન સ્કિલ ડેવલપમેન્ટના અભ્યાસક્રમો આ યુનિવર્સિટીમાં ચલાવવામાં આવશે.

## ➤ ગુજરાતી અને હિન્દી ફિલ્મના જાણીતા અભિનેતા શ્રી અરવિંદ જોશીનું નિધન

ગુજરાતી ફિલ્મો, નાટકો તથા હિન્દી ફિલ્મોમાં પણ અભિનય કરનાર જાણીતા અભિનેતા શ્રી અરવિંદ જોશીનું 84 વર્ષની વયે મુંબઈની નાણાવટી હોસ્પિટલમાં નિધન થયું હતું. **'બાણ શૈયા'** નાટકથી તેઓ ખૂબ પ્રખ્યાત થયા હતા. બોલિવૂડની પ્રખ્યાત ફિલ્મ **'શોલે'**માં તેમણે ભૂમિકા ભજવી હતી. વર્ષ 1961ની **'ચૂંદડીચોખા'** નામની ગુજરાતી ફિલ્મથી તેમણે અભિનયની શરૂઆત કરી હતી. આ ફિલ્મ બાદ તેમણે 'કંકુ', 'વેલીને આવ્યા ફૂલ', 'જનમટીપ', 'રાં માંડલિક', 'વેરનો વારસ', 'ઠાકુરાણી ગંગા', 'ઘેર ઘેર માટીના ચૂલા', 'ઢોલા મારૂ', 'નાણાં વગરનો નાથિયો', 'ફૂટપાથની રાણી', 'વણઝારી વાવ' જેવી અનેક ગુજરાતી ફિલ્મોમાં અભિનય કર્યો હતો.

**ભારત**

## ➤ નાણા મંત્રાલયમાં મહેસૂલ વિભાગના વિશેષ સચિવ પદે શ્રી અનિલકુમાર ઝા ની નિમણૂક

કેન્દ્રીય કેબિનેટની નિમણૂક સમિતિએ IAS અધિકારી શ્રી અનિલ કુમાર ઝા ની નાણાં મંત્રાલયના મહેસૂલ વિભાગના વિશેષ સચિવપદે વરણી કરી હતી. આ સમિતિએ કોર્પોરેટ બાબતના અધિક સચિવ અંજલિ ભાવરાની વરણી કોર્પોરેટ બાબતના મંત્રાલયના વિશેષ સચિવપદે કરી હતી. આ ઉપરાંત બિદ્યુત બિહારી સ્વૈનની વરણી MSME મંત્રાલયના સચિવપદે કરવામાં આવી છે. શ્રી બિદ્યુત બિહારી સ્વૈન ગુજરાતની કેડરના અધિકારી છે.

## ➤ કેન્દ્રીય કેબિનેટે 850 મેગાવોટનાં રેટલ હાઈડ્રો પાવર પ્રોજેક્ટને મંજૂરી આપી

કેન્દ્રીય કેબિનેટે તાજેતરમાં 850 મેગાવોટનાં રેટલ હાઈડ્રો પાવર પ્રોજેક્ટને મંજૂરી આપી છે. આ પ્રોજેક્ટનું નિર્માણ **ચિનાબ નદી** પર કરવામાં આવશે. તે **જમ્મુ-કાશ્મીર સ્ટેટ પાવર ડેવલપમેન્ટ કોર્પોરેશન** અને **નેશનલ હાઈડ્રોઈલેક્ટ્રિક પાવર કોર્પોરેશન**નું સંયુક્ત સાહસ છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **રાષ્ટ્રીય બાલિકા દિવસે હરિદ્વારની સૃષ્ટિ ગોસ્વામી ઉત્તરાખંડની એક દિવસ માટે મુખ્યમંત્રી બની**

રાષ્ટ્રીય બાલિકા દિવસ એટલે કે 24 જાન્યુઆરીના રોજ હરિદ્વારની સૃષ્ટિ ગોસ્વામી ઉત્તરાખંડની એક દિવસની મુખ્યમંત્રી બની હતી. 19 વર્ષની સૃષ્ટિ ગોસ્વામી ઉત્તરાખંડના રૂડકીની પીજી કોલેજમાં બીએસસી એગ્રીકલ્ચરનો અભ્યાસ કરી રહી છે.

➤ **કર્ણાટક મુખ્યમંત્રીશ્રીએ 'અવલોકના સોફ્ટવેર' લોન્ચ કર્યો**

કર્ણાટકના મુખ્યમંત્રી શ્રી બી. એસ. યેદિયુરપ્પાએ 1,800 જેટલા કાર્યક્રમો પર થતાં સરકારી ખર્ચ પર નજર રાખવા 'અવલોકના સોફટવેર'નો પ્રારંભ કર્યો છે. આ સોફટવેર વિવિધ વિકાસ કાર્યક્રમો પર સરકારી અનુદાનો અને ફાળવણી અંગે મત વિસ્તાર મુજબની વિગતો આપશે. આ સોફટવેર રાજ્યના શાસન પારદર્શિતામાં વધારો કરવામાં મદદરૂપ થશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **મિનિસ્ટ્રી ઓફ ઈલેકટ્રોનિકસ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી ક્વોન્ટમ કમ્પ્યુટિંગ ક્ષેત્રે સંશોધનને પ્રોત્સાહન આપવા માટે ક્વોન્ટમ કમ્પ્યુટિંગ એપ્લિકેશન લેબની સ્થાપના કરશે**

મિનિસ્ટ્રી ઓફ ઈલેકટ્રોનિકસ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી (MeiTY) એમેઝોન વેબ સર્વિસીસના સહયોગથી ક્વોન્ટમ કમ્પ્યુટિંગ સંબંધિત સંશોધન અને વિકાસને પ્રોત્સાહન આપવા માટે ક્વોન્ટમ કમ્પ્યુટિંગ એપ્લિકેશન લેબની સ્થાપના કરશે. તે સરકારના વિવિધ મંત્રાલયો અને વિભાગો, વૈજ્ઞાનિકો, વિદ્વાનો વગેરે જેવા વિવિધ હિતધારકોને ક્વોન્ટમ કમ્પ્યુટિંગ સેવા પ્રદાન કરશે. ક્વોન્ટમ ટેકનોલોજી ક્વોન્ટમ ફિઝિકસના સિદ્ધાંતો પર આધારિત છે.

➤ **MASCRADE 2021નું ઉદ્દઘાટન કેન્દ્રીય આરોગ્ય મંત્રીશ્રી ડો. હર્ષવર્ધન દ્વારા કરવામાં આવ્યુ**

21 જાન્યુઆરી, 2021ના રોજ કેન્દ્રીય આરોગ્ય પ્રધાનશ્રી ડો. હર્ષવર્ધન દ્વારા 'MASCRADE 2021'ની સાતમી આવૃત્તિનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું. તેનું આયોજન ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (FICCI) દ્વારા કરવામાં આવ્યું છે. MASCRADEએ દાણચોરી અને બનાવટી વેપાર સામેની ચળવળ છે.

➤ **કેન્દ્રીય આદિજાતિ બાબતોના મંત્રી શ્રી અર્જુન મુંડાએ ગોવામાં પ્રવાસી શ્રમિકો માટે ‘શ્રમશકિત પોર્ટલ’ અને ‘શ્રમ સાથી’નો શુભારંભ કર્યો**

ગોવાના મુખ્યમંત્રી શ્રી પ્રમોદ સાવંત ગોવામાં સ્થળાંતર કામદારો માટે સ્થળાંતર સેલ પણ શરૂ કરશે. શ્રમશકિત પોર્ટલ એ રાષ્ટ્રીય સ્થળાંતર સપોર્ટ પોર્ટલ છે.

## વિશ્વ

➤ **યુરોપના સૌથી મોટા સોલાર પાવર પ્લાન્ટ ‘ફ્રાન્સિસ્કો પિઝારો’ના નિર્માણ માટે સ્પેન અને ફ્રાન્સ વચ્ચે હસ્તાક્ષર**

સ્પેન અને ફ્રાન્સે તાજેતરમાં 590 મેગાવોટના ફ્રાન્સિસ્કો પિઝારો સોલાર પાવર પ્લાન્ટના નિર્માણ માટે સમજૂતી પર હસ્તાક્ષર કર્યા છે. આ યુરોપનો સૌથી મોટો સોલાર પાવર પ્લાન્ટ હશે. આ માટે સ્પેનના આઈબરડોલા અને ફ્રાન્સના ડોનોન વચ્ચે હસ્તાક્ષર થયા હતા. આ સોલાર પાવર પ્લાન્ટ સ્પેનના કેકેરસના પશ્ચિમ પ્રાંતમાં સ્થાપવામાં આવશે.

➤ **યુ.એસ.ના રાષ્ટ્રપતિ શ્રી જો બાયડેન દ્વારા New Start સંધિને પાંચ વર્ષ વધારવાનો પ્રસ્તાવ**

યુ.એસ.ના રાષ્ટ્રપતિ શ્રી જો બાયડેને તાજેતરમાં New Start (Strategic Arms Reducation Treaty) સંધિને પાંચ વર્ષ વધારવાનો પ્રસ્તાવ મૂકયો હતો. રશિયાએ આ પ્રસ્તાવને આવકાર્યો છે. વર્ષ 2010માં ચેક રિપબ્લિકની રાજધાની પ્રાગ ખાતે યુનાઈટેડ સ્ટેટસ અને રશિયા વચ્ચે New Start સંધિ પર હસ્તાક્ષર થયા હતા. તે વર્ષ 2011માં અમલમાં આવી હતી. યુ.એસ. અને રશિયા દ્વારા પરમાણુશસ્ત્રોના ઉત્પાદન અને ઉપયોગ ઘટાડવા માટે આ સંધિ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE ? Questions


- બેંગાલુરુની જનાગ્રહ સંસ્થાએ તાજેતરમાં કયા રાજ્ય ચૂંટણી આયોગને શ્રેષ્ઠ રાજ્ય ચૂંટણીઆયોગનો એવોર્ડ એનાયત કર્યો છે ?
  – ગુજરાત ચૂંટણી આયોગ
- કયા શહેરના રેલવે સ્ટેશન પર દેશની પ્રથમ ‘ડોર ટુ ડોર’ લગેજ પાર્સલ સેવા શરૂ કરવામાં આવી ?
  – અમદાવાદના રેલવે સ્ટેશન
- રેટલ હાઈડ્રોપાવર પ્રોજેકટનું નિર્માણ કઈ નદી ઉપર કરવામાં આવશે ?
  – ચિનાબ નદી પર
- ગુજરાતમાં કયા સ્કિલ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવશે ?
  – અમદાવાદના શીલજ ખાતે
- ગુજરાતી અને હિંદી ફિલ્મના કયા જાણીતા અભિનેતાનું તાજેતરમાં નિધન થયું છે ?
  – શ્રી અરવિંદ જોશી
- રાષ્ટ્રીય બાલિકા દિવસે ઉત્તરાખંડની એક દિવસની મુખ્યમંત્રી બનનાર દીકરીનું નામ જણાવો ?
  – સૃષ્ટિ ગોસ્વામી
- તાજેતરમાં ‘અવલોકના સોફટવેર’ કયા રાજ્યમાં લોન્ચ કરવામાં આવ્યો છે ?
  – કર્ણાટક
- ‘અવલોકના સોફટવેર’ શું કામ કરશે ?
  – તે કર્ણાટકના થતાં સરકારી ખર્ચ અને અનુદાન પર નજર રાખશે
- કયા મંત્રાલય દ્વારા એમેઝોન વેબ સર્વિસિઝના સહયોગથી કવોન્ટમ કમ્પ્યુટિંગ સંબંધિત સંશોધન અને વિકાસને પ્રોત્સાહન આપવા માટે કવોન્ટમ કમ્પ્યુટિંગ એપ્લિકેશન લેબની સ્થાપના કરવામાં આવશે ?
  – મિનિસ્ટ્રી ઓફ ઈલેકટ્રોનિકસ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી (MeiTY)
- MASCRADE 2021નું ઉદ્‌ઘાટન તાજેતરમાં કોના દ્વારા કરવામાં આવ્યું હતું ?
  – કેન્દ્રીય આરોગ્યમંત્રી શ્રી ડો. હર્ષવર્ધન દ્વારા
- MASCRADE 2021નું આયોજન કઈ સંસ્થા દ્વારા કરવામાં આવ્યું હતું ?
  – ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (FICCI)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

- MASCRADE એ શું છે ? — દાણચોરી અને બનાવટી વેપાર સામેની ચળવળ
- 'શ્રમશકિત પોર્ટલ' અને 'શ્રમસાથી'નો શુભારંભ તાજેતમાં કયા કરવામાં આવ્યો હતો ? — ગોવા
- 'શ્રમશકિત પોર્ટલ' અને 'શ્રમસાથી'નો શુભારંભ તાજેતરમાં ગોવા ખાતે કોના દ્વારા કરવામાં આવ્યો હતો ? — કેન્દ્રીય આદિજાતિ બાબતોના મંત્રી શ્રી અર્જુન મુંડા દ્વારા
- યુરોપના સૌથી મોટા સોલાર પાવર પ્લાન્ટ 'ફ્રાન્સિસ્કો પિઝારો'ના નિર્માણ માટે કયા બે દેશો વચ્ચે હસ્તાક્ષરો થયા હતા ? — સ્પેન અને ફ્રાન્સ
- New Start સંધિએ કયા બે દેશો વચ્ચેની સંધિ છે ? — અમેરિકા અને રશિયા

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS



1. તાજેતરમાં અમેરિકાના પ્રથમ અશ્વેત સંરક્ષણ પ્રધાન બનનાર વ્યક્તિનું નામ જણાવો ?
– જનરલ લોયડ જે ઓસ્ટિન

2. તાજેતરમાં અમેરિકાના રાષ્ટ્રીય ગુપ્તચર વિભાગના વડાપદે નિમણૂક પામનાર પ્રથમ મહિલાનું નામ જણાવો ? – અવરીલ હેન્સ

3. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કયા રાજ્યમાં જમીન વિહોણા આશરે 1 લાખ પરિવારોને જમીનનો અધિકાર આપ્યો હતો ? – આસામ
(વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આસામ રાજ્યના શિવસાગર જિલ્લાના આશરે 1 લાખ પરિવારોને જમીન પટ્ટાનું વિતરણ કર્યું હતું. એવું માનવામાં આવે છે કે શિવસાગર જિલ્લામાં સ્થિત શિવડોલ મંદિર ભારતનું સૌથી ઊંચું શિવમંદિર છે.)

4. નાણાકીય વર્ષ 2021-22 માટેના અંદાજપત્ર માટેની શરૂઆત કરતાં કેન્દ્રીય નાણાપ્રધાન નિર્મલા સિતારામને નવી દિલ્હીના નોર્થ બ્લોક ખાતે પરંપરાગત હલવા વિધિ યોજી હતી અને તેની સાથે કઈ મોબાઈલ એપ લોંચ કરી હતી ? – યુનિયન બજેટ મોબાઈલ એપ
(આ તહેવારની ઉજવણી તમિલનાડુમાં 'કાનુમા પથુગાઈ'ના સ્વરૂપમાં કરવામાં આવે છે.)

5. સમગ્ર દેશમાં પ્રથમ વખત કયા રાજ્યમાં 'સ્મોલ સ્કેલ ડિસ્ટ્રિબ્યુટેડ સોલાર પ્રોજેકટ નીતિ' અમલમાં મૂકવાની જાહેરાત કરવામાં આવી હતી ? – ગુજરાત
('સ્મોલ સ્કેલ ડિસ્ટ્રિબ્યુટેડ સોલાર પ્રોજેકટ નીતિ' રાજ્યમાં સોલાર પાર્ક્સમાં ભાગ ન લઈ શકે તેવા નાના વીજ ઉત્પાદકો જેવા કે, ખેડૂતો, નાના સાહસિકો, સહકારી મંડળીઓ કે કંપનીઓને સોલાર પ્રોજેકટ સ્થાપવા માટે અત્યંત આશીર્વાદરૂપ બનશે. આ નીતિ હેઠળ 500 કિલોવોટથી 4 મેગાવોટની ક્ષમતાના નાના સોલાર પ્રોજેકટ માટે નાના વીજ ઉત્પાદકો પોતાની ખાનગી જમીન પર કે ખાનગી જમીન લીઝ પર મેળવી આવા પ્રોજેકટ સ્થાપી શકે છે.)

6. 'ડિજિટલ સેવાસેતુ' કાર્યક્રમ અંતર્ગત ગુજરાત સરકારે તાજેતરમાં કુલ કેટલી સેવાઓનો સમાવેશ કર્યો છે ? – 45 સેવાઓ (જાન્યુઆરી, 2021 સુધીમાં)

7. તાજેતરમાં અંડર-19 વર્લ્ડ બેડમિન્ટનની જાહેર થયેલી નવી રેન્કિંગમાં મહેસાણાની સ્ટાર બેડમિન્ટન ખેલાડી તસનીમ મીર કેટલામાં ક્રમાંકે રહી છે ? – ચોથા ક્રમાંકે

8. તાજેતરમાં કોના દ્વારા 1776 કમિશનનો અહેવાલ બહાર પાડવામાં આવ્યો હતો ?

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

– અમેરિકાના વ્હાઈટ હાઉસ દ્વારા

(અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા 1776 કમિશનની સ્થાપના કરવામાં આવી હતી જ્યારે તેઓ યુએસ રાષ્ટ્રપતિની ચૂંટણી 2020 દરમિયાન રાષ્ટ્રપતિ ચૂંટાયેલા શ્રી જો બાઈડેનથી પાછળ રહયા હતા. 1776 કમિશન એ 18 સભ્યોનું કમિશન હતું. તે એક સલાહકાર આયોગ હતું. આ કમિશને જાતિવાદ, પ્રગતિવાદ અને આઈડેન્ટિટી પોલિટીકસને અમેરિકાના પડકારો તરીકે ઓળખાવ્યા છે.)

9. તાજેતરમાં કોના દ્વારા રેગ્યુલેટરી કમ્પ્લાયન્સ પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું હતું ?

– ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટર્નલ ટ્રેડ (DPIIT)

(રેગ્યુલેટરી કમ્પ્લાયન્સ પોર્ટલ ઉદ્યોગો, નાગરિકો અને સરકાર વચ્ચે એક પુલના રૂપમાં કાર્ય કરશે જેથી બોજારૂપ ઈન્ટરફેસોને દૂર કરી શકાય. આ પોર્ટલ ભારતમાં વેપાર કરવામાં સરળતા વધારશે.)

10. તાજેતરમાં ભારતમાં 20 જાન્યુઆરી, 2022ના રોજ કયા શીખગુરુની જન્મજયંતિ ઉજવવામાં આવી હતી ?

– ગુરૂ ગોવિંદસિંહ

(ગુરૂ ગોવિંદસિંહએ દસ શીખ ગુરૂઓમાં છેલ્લા હતા. તેઓનો જન્મ 22 ડિસેમ્બર, 1666ના રોજ પટનામાં થયો હતો. તેમની જન્મજયંતિ નાનકશાહી કેલેન્ડર મુજબ ઉજવવામાં આવે છે. આથી વર્ષ 2021માં તેમની જન્મજયંતિ 20 જાન્યુઆરીના રોજ સમગ્ર ભારતમાં ઉજવવામાં આવી હતી. નાનકશાહી કેલેન્ડરનું નામ શીખ ધર્મના સ્થાપક શ્રી ગુરૂ નાનકના નામ પર રાખવામાં આવ્યું છે. નાનકશાહી કેલેન્ડરનું પ્રથમ વર્ષ 1469માં શરૂ થાય છે. તે ગુરૂ નાનકના જન્મનું વર્ષ છે. ખાલસા પંથની સ્થાપના શ્રી ગુરૂ ગોવિંદસિંહ દ્વારા વર્ષ 1699માં આનંદપુર સાહેબ ખાતે કરવામાં આવી હતી.)

11. તાજેતરમાં કઈ ટ્રેનનું નામ બદલાવીને ભારતીય રેલવે દ્વારા 'નેતાજી એકસપ્રેસ' કરવામાં આવ્યું છે ?

– હાવડા–કાલકા મેલ

12. પ્રિસિઝન ઓટોમેશન એન્ડ રોબોટીકસ ઈન્ડિયા (PARI)ના સ્થાપક કયા વ્યકિતનું તાજેતરમાં પૂણે ખાતે નિધન થયું હતું ?

– શ્રી મંગેશ કાલે

(પ્રિસિઝન ઓટોમેશન એન્ડ રોબોટીકસ ઈન્ડિયા (PARI)ને વર્ષ 2020માં WIPRO દ્વારા ખરીદવામાં આવ્યું હતું.)

13. તાજેતરમાં ઈટાલીયન પોલીસને 'સાલ્વેટર મુંડી' નામનું 16મી સદીનું પ્રખ્યાત ચિત્ર મળ્યુ

હતું, સાલ્વેટર મુંડી એ કોનું પ્રખ્યાત ચિત્ર છે ? લિયો નાર્દો દ વિન્ચી

14. ગુજરાતના કુલ કેટલા પોલીસ કર્મીઓને રાષ્ટ્રપતિના પોલીસ ચંદ્રકોથી નવાજવામાં આવશે ? – 19

15. પ્રજાસત્તાક દિન પૂર્વે વડાપ્રધાનશ્રીએ દેશમાંથી 32 બાળકોને 'રાષ્ટ્રીય બાલ પુરસ્કાર' આપી સન્માનિત કર્યા હતા, રાષ્ટ્રીય બાલ પુરસ્કારમાં સ્પેશિયલ કેટેગરીમાં પુરસ્કાર મેળવનાર સ્વીમરનું નામ જણાવો ? – મંત્ર હરખાણી
(રાજકોટના મનોદિવ્યાંગ સ્વીમર મંત્ર હરખાણીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાથે વર્ચ્યુઅલ સંવાદ કર્યો હતો.)

16. 'રીસા'એ કયા રાજ્યનો પરંપરાગત પોશાક છે ? – ત્રિપુરા
(ત્રિપુરાના મુખ્યપ્રધાન શ્રી બિપ્લબ કુમાર દેબે તાજેતરમાં કોકબોરોક ડે (19 જાન્યુઆરી) ના રોજ ત્રિપુરાનો પરંપરાગત પોશાક રીસા પહેર્યો હતો.)

17. 'લોન્ગઓપ્સ પ્રોજેક્ટ' માટે કયા બે દેશો વચ્ચે સહયોગ કરવામાં આવ્યો છે ? – યુ.કે. અને જાપાન
('લોન્ગઓપ્સ પ્રોજેક્ટ' હેઠળ જાપાન અને યુ.કે.ના વૈજ્ઞાનિકો ત્સુનામી અને ભૂકંપથી ભારે નુકસાન પામેલી ફુકુશીમા જેવી જૂની પરમાણુ સુવિધાઓને બંધ કરવા માટે નવી અને સલામત તકનીકીઓનો વિકાસ કરશે. આ પ્રોજેક્ટ માનવ સ્વાસ્થ્ય માટેના જોખમોને ઘટાડશે અને બિન–કાર્યકારી એવા પરમાણુ રિએક્ટર્સને ઝડપથી દૂર કરવામાં મદદ કરશે.)

18. નાસાએ તાજેતરમાં GRACE-FO સેટેલાઈટના ડેટાના આધારે 'રૂટ ઝોન મોસ્ચર'નો અંદાજ જાહેર કર્યો હતો. એ મુજબ કયો પ્રદેશ સૌથી ઓછો રૂટ જોન મોસ્ચર ધરાવે છે ?
– તુર્કીના કોન્યા મેદાનો
(પશ્ચિમ ભારતમાં રૂટ ઝોન ભેજના ભીનાશની ટકાવારી 80%થી 98%ની વચ્ચે હતી. પૂર્વી ભારતમાં ભેજની ટકાવારી 30% થી 70%ની વચ્ચે હતી તેમજ ઉત્તર ભારતમાં ભેજનું પ્રમાણ 10% કરતા ઓછું હતું. પશ્ચિમ ઘાટના દરિયાકાંઠે જમીનની સપાટી પરનો ભેજ 95% કરતા વધારે હતો. 39 ઈંચની ઊંડાઈ સુધી જમીનમાં પાણી અને ભેજના પ્રમાણને 'Root Zone Moisture' કહેવામાં આવે છે.)

19. તાજેતરમાં કોના નામની બિઝનેસ સ્ટાન્ડર્ડ બેંકર ઓફ ધ યર 2019-20 તરીકે જાહેરાત કરવામાં આવી છે ? – શ્રી શ્યામ શ્રીનિવાસન
(શ્રી શ્યામ શ્રી નિવાસન ફેડરલ બેંકના ચીફ એક્ઝિક્યુટીવ ઓફિસર અને મેનેજિંગ ડિરેક્ટર છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

20. તાજેતરમાં કઈ સંસ્થા દ્વારા એબેલ 370 નામની ગેલેકસીની તસ્વીર શેર કરવામાં આવી હતી ?
– NASA (નેશનલ એરોનોટીકસ એન્ડ સ્પેસ એડમિનીસ્ટ્રેશન)
(એબેલ 370 નામની ગેલેકસી પૃથ્વીથી ચાર અબજ પ્રકાશવર્ષ દૂર છે. આ ગેલેકસી કલસ્ટર 'સેટસ' નામના નક્ષત્રમાં સ્થિત છે. નાસાના વૈજ્ઞાનિકોએ એબેલ 370 ગેલેકસીને 'ડ્રેગન' ઉપનામ આપ્યું છે.)

21. MeerKAT (મિરકાટ) રેડિયો ટેલિસ્કોપ કયા સ્થિત છે ? – દક્ષિણ આફ્રિકાના ઉત્તરી કેપમાં
(મિરકાટ રેડિયો ટેલિસ્કોપએ 64 એન્ટેના ધરાવે છે.)

22. યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીએ તાજેતરમાં વિશ્વભરના ધાર્મિક સ્થળોની સુરક્ષા અંગેનો ઠરાવ અપનાવ્યો હતો, આ ઠરાવ કયા શીર્ષક અંતર્ગત પસાર કરવામાં આવ્યો હતો ?
– 'Promoting a Culture of Peace and Tolerance to safeguard Religious sites'
(ભારત દ્વારા આ ઠરાવને સમર્થન આપવામાં આવ્યું છે.)

23. ગુજરાતમાં કૃત્રિમ હૃદય પ્રત્યારોપણની સારવારમાં હવે મુખ્યમંત્રી રાહત ફંડમાંથી કેટલા રૂપિયાની વધુમાં વધુ સહાય મળશે ? – રૂ. 7.50 લાખની

24. વર્ષ 2021માં કેન્દ્ર સરકારે કેટલા બાળકોને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર એનાયત કર્યા છે ? – 32 બાળકોને
(પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર શિક્ષણ, કળા, સંસ્કૃતિ, ડિઝાઈન, સંશોધન, સામાજિક સેવાઓ તથા રમત–ગમત ક્ષેત્રે સિદ્ધિઓ ધરાવતા 18 વર્ષથી નીચેની વયના બાળકોને એનાયત કરાતું દેશનું સર્વોચ્ચ નાગરિક સન્માન છે. આ પુરસ્કારને વર્ષ 1996થી કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા શરૂ કરવામાં આવ્યું છે. આ પુરસ્કાર દર વર્ષે ગણતંત્ર દિવસે એનાયત કરવામાં આવે છે.)

25. હાઈવે ઈન્ફ્રાસ્ટ્રકચરના ક્ષેત્રમાં વિકાસ અને સંશોધન માટે કેન્દ્રીય માર્ગ, પરિવહન અને હાઈવે મંત્રાલયે કઈ સંસ્થા સાથે MoU પર હસ્તાક્ષર કર્યા છે ? – IIT રૂરકી (ઉત્તરાખંડ)

26. વિજ્ઞાન અને તકનીકી વિભાગે તાજેતરમાં કરેલી જાહેરાત અનુસાર ભારત સાયન્ટિફિક પબ્લિકેશનમાં વિશ્વમાં કેટલામાં ક્રમાંકે છે ? – ત્રીજા ક્રમાંકે
(ચીન અને અમેરિકા સાયન્ટિફિક પબ્લિકેશનમાં વિશ્વમાં અનુક્રમે પ્રથમ અને દ્વિતીય ક્રમાંકે છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

27. તાજેતરમાં 17મી એશિયા કોઓપરેશન ડાયલોગનું આયોજન વર્ચ્યુઅલી કરવામાં આવ્યું હતું, તેની થીમ જણાવો ? – 'The New Normal and safe and Healthy Tourism'
(17મી એશિયા કોઓપરેશનના અંતમાં સભ્ય દેશોએ 'અંકારા ડિકલેરેશન'નો સ્વીકાર કર્યો હતો.)

28. બ્રહ્માંડનો 'હમ (Hum)'નો અવાજ તાજેતરમાં કઈ સંશોધન સંસ્થા દ્વારા ડિટેકટ કરવામાં આવ્યો હતો ? – નોર્થ અમેરિકન નેનોહર્ટ્ઝ ઓબ્ઝર્વેટરી ફોર ગ્રેવિટેશનલ વેવ્ઝ (NANO Grav)
(NANO Gravના સંશોધનકર્તાઓ મુજબ ગુરૂત્વાકર્ષણ તરંગો દ્વારા હમનો અવાજ ઉત્પન્ન થાય છે.)

29. ક્રેકન મેરે નામનો સમુદ્ર સૂર્યમંડળના કયા ગ્રહ પર સ્થિત છે ? – શનિ
(શનિ પર ક્રેકન મેરેની શોધ સ્પેસ પ્રોબ કેસિની દ્વારા કરવામાં આવી હતી.)

30. કેન્દ્ર સરકારના કયા મંત્રાલયે COVID-19 રસીકરણ અંગેના પ્રતિસાદ માટે 'રેપિડ અસેસમેન્ટ સિસ્ટમ' વિકસાવી છે ? – મિનિસ્ટ્રી ઓફ ઈલેકટ્રોનિકસ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી

31. ટ્રાવેલર્સ ચોઈસ 2021ની જાહેરાત અંતર્ગત વિશ્વના ટોચના 25 ફરવાલાયક સ્થળોમાં કયા બે ભારતના શહેરનો સમાવેશ થયો છે ? – દિલ્હી અને જયપુર
(ટ્રાવેલર્સ ચોઈસ 2021ની યાદીમાં દિલ્હી 15મા ક્રમે અને જયપુર 24 ક્રમે રહયું છે. આ યાદીમાં ઈન્ડોનેશિયાનું બાલી શહેર પ્રથમ ક્રમે રહયું છે.)

32. નેપાળની કઈ પાર્ટી દ્વારા પ્રધાનમંત્રી કેપી શર્મા ઓલીને તેની પાર્ટીમાંથી દૂર કરાયા ?
– કમ્યુનિસ્ટ પાર્ટી

33. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ તાજેતરમાં નોન–બેંકિંગ ફાયનાન્સિયલ કંપનીઓ (NBFCs)ના કડક નિયમનકારી માળખા માટે કેટલા સ્તરના માળખાની દરખાસ્ત કરી છે ? – ચાર
(આના અંતર્ગત નિયમન અને દેખરેખની જવાબદારી રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા એકટ, 1934ની જોગવાઈઓ હેઠળ RBIના નોન–બેંન્કિંગ સુપરવિઝન વિભાગને સોંપવામાં આવી છે.)

34. 'યુનિયન બજેટ મોબાઈલ એપ' અંતર્ગત કેટલા કેન્દ્રીય બજેટ દસ્તાવેજોની એકસેસ પ્રદાન કરવામાં આવશે. – 14
(નેશનલ ઈન્ફોર્મેટિકસ સેન્ટરે (NIC)એ ડિપાર્ટમેન્ટ ઓફ ઈકોનોમિક અફેયર્સ (DEA)ના માર્ગદર્શન હેઠળ આ એપ્લિકેશન વિકસાવી છે.)

35. વિદ્યાર્થીઓને વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની નિ:શુલ્ક તૈયારી કરાવતો કાર્યક્રમ 'અભ્યુદય' કયા રાજ્ય દ્વારા શરૂ કરવામાં આવ્યો છે ? – ઉત્તરપ્રદેશ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા

Social Media Icon પર Click કરો.

**JOIN OUR WHATSAPP GROUP**
joinicerajkot.com

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

**YouTube**
ICE RAJKOT

**Instagram**
ICE RAJKOT

**Facebook**
like | comment | share
ICE RAJKOT

**twitter**
ICE RAJKOT